
# પ્રાચીન સ્તવનાવલી

## ૨૧

## શ્રી નમીનાથ ભગવાન



## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

# ૨૧

## શ્રી નમિનાથ ભગવાન

**: પ્રાપ્તિ સ્થાન :**


શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.



પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

## અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| દશમા પ્રાણત સ્વર્ગથી | શ્રી વીરવિજયજી | ૧ |
| મિથિલા નગરીનો રાજીયો | શ્રી પદ્મવિજયજી | ૧ |
| આસો સુદિ પુનમ દિને | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી નમિનાથને ચરણે રમતાં | શ્રી વિનયવિજયજી | ૨ |
| ષટ્-દરિશણ જિન-અંગ | શ્રી આનંદઘનજી | ૩ |
| શ્રી નમિ-જિનની સેવા | શ્રી યશોવિજયજી | ૫ |
| મુજ મન-પંકજ ભમરલો | શ્રી યશોવિજયજી | ૬ |
| મિથિલાપુર વિજય | શ્રી યશોવિજયજી | ૬ |
| શ્રી નમિનાથજી સાહિબ | શ્રી ભાણવિજયજી | ૭ |
| મોરૂં મન લાગ્યું રે વિપ્રાનંદ | શ્રી આણંદવર્ધનજી | ૮ |
| શ્રી નમિસ્વામી રે ! જાગી | શ્રી લક્ષ્મીવિમલજી | ૯ |
| શ્રી નમિનાથ-જિણંદને રે | શ્રી માનવિજયજી | ૧૦ |
| નેહ કરો નમિનાથશું | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૧૧ |
| નમિનાથ નમું એકવીસમો | શ્રી ભાવવિજયજી | ૧૨ |
| પ્રભુસોં પ્રીત કરી | શ્રી હરખચંદજી | ૧૩ |
| શ્રી નમિનાથ-જિણંદજી રે લાલ | શ્રી નયવિજયજી | ૧૩ |
| પરતિખ પ્રભુજી સું મિલ્યાં | શ્રી ઋષભસાગરજી | ૧૪ |
| નમિ નિરંજન નાથ નિર્મલ | શ્રી ઉદયરત્નજી | ૧૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| વપ્રાનંદ વધારજ્યો રે | શ્રી જિનવિજયજી | ૧૬ |
| ખિજમત ગારો ખાસો | શ્રી જિનવિજયજી | ૧૮ |
| શ્રી નેમિજિન ! તુજશું | શ્રી હંસરત્નજી | ૧૯ |
| આજ નમિનાથ રાજને કહીયેં | શ્રી મોહનવિજયજી | ૨૦ |
| શ્રી નમિનાથ મુજ મન | શ્રી રામવિજયજી | ૨૧ |
| વિજય-નરેસર નંદન લાલ, | શ્રી રામવિજયજી | ૨૨ |
| વિષમ વિષયની વાસના હે | શ્રી કાંતિવિજયજી | ૨૩ |
| પુરૂષોત્તમ સત્તા છે | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| શ્રીનમિનાથ સોહામણા, | શ્રી ન્યાયસાગરજી | ૨૫ |
| નમિજિનવર એકવીશમો હો | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| નિત નમિયેં નમિ-જિનવરૂરે જો | શ્રી પદ્મવિજયજી | ૨૭ |
| શ્રીનમિજિણંદ દયાળ | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૨૮ |
| વપ્રાનંદન એક નાથ | શ્રી કીર્તિવિમલજી | ૨૯ |
| નમિ જિનેશ્વર સાંભળોજી | શ્રી દાનવિમલજી | ૩૦ |
| નમી નમીને નમિજિન વંદિયે રે | શ્રી વિનીતવિજયજી | ૩૧ |
| કર દિલરંજન લાલ હીરા | શ્રી અમૃતવિજયજી | ૩૧ |
| વંદો વંદો ને લાલ | શ્રી પ્રમોદસાગરજી | ૩૨ |
| જીરે ! નમિ જિન અમિત આણંદ | શ્રી ભાણચંદ્રજી | ૩૩ |
| શ્રી નમિજિનવરજી છો | શ્રી ખુશાલમુનિજી | ૩૩ |
| મનમાન્યાની વાતડી, સાહિબ | શ્રી ચતુરવિજયજી | ૩૪ |
| શ્રીનમિજિનવર સેવ | શ્રી દેવચંદ્રજી | ૩૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| નમિ-જિનના નિત્ય નામથી | શ્રી જીવણવિજયજી | ૩૭ |
| શ્રી નમિ-જિનવર પ્રાહુણા રે | શ્રી દાનવિજયજી | ૩૭ |
| નમિનાથ આથ અનંત તાહરે | શ્રી મેઘવિજયજી | ૩૮ |
| જગ-નાયક ! હો ! સુણ | શ્રી કેશરવિમલજી | ૩૯ |
| નમિ-જિન-રુપ અજબ બન્યો | શ્રી કનકવિજયજી | ૩૯ |
| નમિ-જિનચંદનરિંદ સુરિંદ | શ્રી રૂચિરવિમલજી | ૪૦ |
| વપ્રા-નંદન હો ! જિનજી | શ્રી રૂચિરવિમલજી | ૪૧ |
| નમિ-જિનવર એકવીસમો | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૨ |
| નિરૂપમ નમિ-જિનેસરૂ | શ્રી રતનવિજયજી | ૪૩ |
| નમિ જિન નયણ નિહાલિ હો | શ્રી માણેકમુનિજી | ૪૩ |
| શ્રી નમિરાજ રાજેસરુ રે | શ્રી દીપવિજયજી | ૪૪ |
| મિહિલા નયરી | શ્રી ધર્મકિર્તિગણી | ૪૫ |
| મદ વારી નમિનાથ | શ્રી સ્વરૂપચંદજી | ૪૬ |
| એકવીશમા જિન | શ્રી જશવિજયજી | ૪૭ |
| નમિએ શ્રી નમિનાથને | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૪૮ |
| હો નમિજિન ! મેં | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| નમીશ્વર જિનવર ગાસ્યું | શ્રી જગજીવનજી | ૪૯ |
| નમિ-જિનવર નમીયે ચિત્ત | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| પરમ રૂપ નિરંજન | શ્રી પદ્મવિજયજી | ૫૦ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| શ્રી નમિનાથ સુહામણાએ | શ્રી વીરવિજયજી | ૫૨ |
| નમીએ નમિ નેહ | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## चैत्यवंदन विधि

(नीचे मुजब प्रथम ईरियावहि करवी)

### ● ईच्छामि खमासमण सूत्र ●

ईच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए,
निसीहिआए, मत्थएण वंदामि.

**भावार्थ :** आ सूत्र द्वारा देवाधिदेव परमात्माने तथा पंचमहाव्रतधारी साधु भगवंतोने वंदन थाय छे.

### ● ईरियावहियं सूत्र ●

ईच्छाकारेण संदिसह भगवन् ! ईरियावहियं पडिक्कमामि ? ईच्छं, ईच्छामि पडिक्कमिउं १. ईरियावहियाए, विराहणाए २. गमणागमणे ३. पाणक्कमणे बीयक्कमणे हरियक्कमणे, ओसाउत्तिंगपणग दग, मट्टी मक्कडा संताणा संकमणे ४. जे मे जीवा विराहिया,, ५. एगिंदिया, बेईंदिया, तेईंदिया, चउरिंदिया, पंचिंदिया ६. अभिहया, वत्तिया, लेसिया, संघाईया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओठाणं, संकामिया, जीवियाओ ववरोविया, तस्स मिच्छामि दुक्कडं ७.

**भावार्थ :** आ सूत्रथी हालता-चालता जीवोनी अजाणता विराधना थई होय के पाप लाग्या होय ते दूर थाय छे.

### ● तस्स उत्तरी सूत्र ●

तस्स उत्तरीकरणेणं, पायच्छित्तकरणेणं, विसोहिकरणेणं, विसल्लीकरणेणं, पावाणं कम्माणं निग्घायणट्ठाए, ठामि काउस्सग्गं.

**भावार्थ :** आ सूत्र द्वारा ईरियावहियं सूत्रथी बाकी रहेला पापोनी विशेष शुद्धि थाय छे.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

**● નમોડર્હત્‌સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●**

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

**● જય વીયરાય સૂત્ર ●**

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જયાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોડર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી નમિનાથ ભગવાનના ચૈત્યવંદન

## કર્તા : શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

દશમા પ્રાણત સ્વર્ગથી, આવ્યા શ્રી નમિનાથ;
મિથિલા નયરી રાજિયો, શિવપુર કેરો સાથ...।।૧।।
યોનિ અશ્વ અલંકરી, અશ્વની ઉદયો ભાણ;
મેષરાશિ સુરગણ નમું, ધન તે દિન સુવિહાણ...।।૨।।
નવ માસાંતર કેવલીએ,બકુલ તલે નિરધાર;
**વીર** અનોપમ સુખ વર્યા, મુનિ પરિતંત[૧] હજાર...।।૩।।

૧. પરિવાર

## કર્તા : શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

મિથિલા નગરીનો રાજીયો, વપ્રાસુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવર મત માચો...।।૧।।

નીલકમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ,
નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિ ગેહ...।।૨।।

દશ હજાર વરસતણું એ, પાળ્યું પરગટ આય;
**પદ્મવિજય** કહે પુણ્યથી, નમીયે તે જિનરાય...।।૩।।

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

આસો સુદિ પુનમ દિને, પ્રાણતથી આયા;
શ્રાવણ વદિ આઠમ દિને, નમિ જિનવર જાયા..॥૧॥
વદિ નવમી અષાઢની, થયા તિહાં અણગાર;
માગશર સુદિ ઇગ્યારશે, વર કેવલ ધાર..॥૨॥
વદિ નવમી વૈશાખનીએ, અક્ષય અનંતા સુખ;
નય કહે શ્રી જિનનામથી, નાસે દોહગ દુઃખ..॥૩॥

# શ્રી નમિનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી વિનયવિજયજી મ.

શ્રી નમિનાથને ચરણે નમતાં, મનગમતાં સુખ લહીએ રે
ભવજંગલમાં ભમતાં ભમતાં, કર્મ નિકાચિત દહીએ રે,શ્રી નમિનાથ.૧

સમક્તિ શિવપુરમાંહી પહોંચાડે, સમકિત ધરમ આધાર રે
શ્રી જિનવરની પૂજા કરીએ, એ સમકિતનું સાર રે,શ્રી નમિનાથ.૨

જે સમકિત થી હોય ઉપરાંઠા, તેના સુખ જાય નાઠાં રે
જે કહે જિનપૂજા નવિ કીજે, તેહનું નામ નહીં લીજે રે,શ્રી નમિનાથ.૩

વપ્રારાણીનો સુત પૂજો, જિમ સંસારે ન ધ્રુજો રે
ભવજલતારક કષ્ટ નિવારક, નહિ કો એહવો દૂજો રે,શ્રી નમિનાથ.૪

શ્રી કિર્તીવિજય ઉવજ્ઝાયનો સેવક, **વિનય** કહે પ્રભુ સેવો રે,
ત્રણ તત્ત્વ મનમાંહિ અવધારો વંદો અરિહંત દેવો રે,શ્રી નમિનાથ.૫

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

**(રાગ-આશાવરી-ધનધન સંપ્રતિ સાચો રાજા-એ દેશી)**

**ષટ્-દરિશણ** જિન-અંગ ભણીજે, ન્યાસ[1] ષડંગ[2] જો [3]સાધે રે ।
**નમિ**-જિનવરના ચરણ-ઉપાસક, ષટ્-દરિશણ આરાધે રે-ષટ્૦॥૧॥

[4]જિન-સુર-પાદપ પાય વખાણું, સાંખ્ય-યોગ દોય ભેદે રે ।
આતમ-સત્તા વિવરણ કરતા, લહો દુગ-અંગ અ-ખેદે રે-ષટ્૦॥૨॥

[5]ભેદ-અભેદ સુગત—મીમાંસક, જિનવર દોય કર ભારી રે ।
લોકા-લોક અવલંબન ભજિયેં, ગુરૂગમથી અવધારી રે-ષટ્૦॥૩॥

લોકાયતિક કૂખ જિનવરની, અંશ વિચાર જો કીજે રે ।
તત્ત્વ-વિચાર સુધા-રસ-ધારા, ગુરૂગમ વિણ કિમ પીજે રે ?-ષટ્૦॥૪॥

જૈન જિનેશ્વર વર[6]-ઉત્તમ-અંગ, અંતરંગ-બહિરંગે રે ।
અક્ષર-ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગ રે-ષટ્૦॥૫॥

જિનવરમાં સઘળા દરિશણ છે, દર્શન જિનવર ભજના રે ।
સાગરમાં સઘલી [7]તટિની સહી, તટિની સાગર ભજના રે-ષટ્૦॥૬॥

જિનરૂપ થઇ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે ।
ભૃંગી ઈલિકાને ચટકાવેં, તે ભૃંગી જગ જોવે રે-ષટ્૦॥૭॥

ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે ।
[8]સમય-પુરુષના અંગ જ કહ્યા એ, જે છેદે તે દુરભવ રે-ષટ્૦॥૮॥

મુદ્રા-બીજ-ધારણા અક્ષર, ન્યાસ અર્થ-વિનિયોગે રે ।
જે ધ્યાવેં તે નવિ વંચીજે; ક્રિયા અવંચક ભોગે રે-ષટ્૦॥૯॥

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથા વિધિ ન મિલે રે ।
ક્રિયા કરી નવી સાધી શકીયેં, એ વિખવાદ ચિત્ત સઘળે રે-ષટ્૦॥૧૦॥

તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહીયે રે ।
**સમય-ચરણ-સેવા, શુચિ દેજ્યો, જિમ આનંદઘન લહીયે રે-ષટ્૦॥૧૧॥**

---

૧. સ્થાપના ૨. છ અંગમાં ૩. કરીએ ૪. શ્રી તીર્થંકર પ્રભુરૂપ કલ્પવૃક્ષના બે પગ તરીકે ૫. ભેદ અને અભેદનયથી બૌદ્ધ અને મીમાંસક બંને પ્રભુજીના બે કર-હાથ રૂપે છે : (ત્રીજી ગાથાનો પૂર્વાર્ધ) ૬. મસ્તક ૭. નદી ૮.શાસ્ત્ર-સિદ્ધાન્ત રૂપ પુરુષના

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

શ્રી નમિ-જિનની સેવા કરતાં, અલિય[1]-વિઘન[2] સવિ દૂર નાસે જી
અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ લીલા, આવે બહુ (સટ્ટ) મહમૂર (!) પાસેજી-શ્રી૦(૧)

મય[3]-મત્તા અંગણ ગજ[4]ગાજે, રાજે તેજી તુખાર[5] ચંગાજી[6]
બેટા-બેટી બંધવ-જોડી, લહીયેં બહુ અધિકાર રંગાજી-શ્રી૦(૨)

વલ્લભ[7]-સંગમ રંગ લહીજે, અણ[8]-વાહલા હોયે દૂર સહજેજી
વાંછાતણો વિલંબ ન દૂજો, કારણ સીઝેં ભૂરિ સહજેજી-શ્રી૦(૩)

ચંદ્ર-કિરણ યશ ઉજવલ ઉલ્લસે, સૂર્ય-તુલ્ય પ્રતાપ દીપેજી
જે પ્રભુ ભગતિ કરે નિત વિનયેં, તે અરીયા બહુ તાપ જીપેજી-શ્રી૦(૪)

મંગળ-માળા લચ્છી[10]વિશાળા, બાળા[11] બહૂલે પ્રેમ રંગેજી
**શ્રીનયવિજય વિબુધ પય સેવક, કહે લહિયે પ્રેમ-સુખ અંગેજી-શ્રી૦ (૫)**

---

૧. અંતરાય ૨. અવરોધો ૩. મદથી મસ્ત ૪. હાથી ૫. ઘોડા ૬. સારા ૭. ઈષ્ટવસ્તુનો સંયોગ ૮. ઉલ્લાસથી ૯. અનિષ્ટ=અરૂચિકર પદાર્થો ૧૦. થાય ૧૧. સ્વાભાવિક રીતે ૧૨. દુશ્મનનો તાપ ખૂબ જીતે ૧૩. વિશાળ લક્ષ્મી ૧૪. ઘણાં બાળકો

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (રૂષભનો વંશ રયણાયરૂ-એ દેશી)

મુજ મન-પંકજ [૧]ભમરલો, શ્રીનમિ-જિન જગદીશો રે
ધ્યાન કરૂં નિત તુમ્હ તણું, નામ જપું નિશદીશો રે; મુજ૦(૧)

ચિત્તથકી કદીયેં ન વીસરે, દેખીયેં આગલિં[૨] ધ્યાનિ રે;
અંતર-તાપથી જાણિયેં, દૂર રહ્યાં અનુમાનિરે-મુજ૦(૨)

તું ગતિ તું મતિ આસરો, તુંહિ જ બંધવ મોટો રે;
વાચક જશ કહે તુજ વિના, અવર[૩] પ્રપંચ[૪] તે ખોટો રે- મુજ૦(૩)

૧. કમળ ૨. આગળા = આગળના = ધર્મધ્યાનમાં ૩. બીજો ૪. પ્રપંચ=દેખાવ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (કાજ સીધાં સકળ હવે સાર-એ દેશી)

મિથિલાપુર વિજય[૧] નરેન્દ્ર વપ્રા સુત નમિ-જિનચંદ
નીલુપ્પલ[૨] લંછન રાજે પ્રભુ સેવ્યો ભાવઠ[૩] ભાજે...(૧)

ધનુષ પન્નર ઉંચ શરીર, સોવન-વાન સાહસ ધીર,
એક સહસશ્યું લીયે નિરમાય[૪]વ્રત[૫] વરસ સહસ દશ આય...(૨)

સમેતશિખર આરોહી[૬], પુંહતા શિવપુર નિરમોહી,
મુનિ વીશ સહસ શુભ નાણી, પ્રભુના ઉત્તમ ગુણખાણી...(૩)

વલી સાધ્વીનો પરિવાર, એકતાલીશ સહસ ઉદાર,
સુર ભ્રુકુટિ દેવી ગંધારી પ્રભુ શાસન-સાનિધકારી...(૪)

તુજ કીર્તિ જગમાં વ્યાપી, તપ તપે પ્રબળ પ્રતાપી,
બુધ **શ્રી નયવિજય સુ**-શીશ,ઈમ દિયે નિતનિત આશીષ...(૫)

---

૧. રાજા ૨. નીલકમળ ૩. ભટકવાનું ૪. માયા રહિત ૫. દીક્ષા ૬. પહોંચ્યા

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (અરણીક મુનિવર ચાલ્યા ગોચરી-એ દેશી)

**શ્રી નમિનાથજી** સાહિબ ! સાંભળો, તુમ ચરણાંબુજ[૧] લીનોજી;
મુજ મન-મધુકરક[૨] અતિહે રૂઅડો, તુમ ગુણ-વાસેં[૩] ભીનોજી-શ્રી૦(૧)

હરિ-હરાદિક ધતૂર ઉવેખીને,અ-બૂઝ[૪]-પ્રત્યય આણીજી,
દુરમતિ [૫] વાસે તેહ સરયા અછે, બહુ ઈમ અંતર જાણીજી-શ્રી૦(૨)

તે દેવ[૬] છંડી[૭] તુજને આશ્રયો, કરવા ભજન[૮] તુમારોજી,
સ્નેહદશા નિજ-દિલમાં આદરી, પ્રભુજી ! મુજને તારોજી-શ્રી૦(૩)

ભવ-ભવ તુમ પદ-કમલની સેવના, દેજ્યો શ્રી જિનરાજોજી,
એ મુજ વિનતિ ચિત્તમાં ધરજ્યો, ગિરૂઆ ! ગરીબ નવાજોજી-શ્રી૦(૪)

તપગચ્છ નંદન અમરદ્રૂમ સમો, **શ્રી વિજયપ્રભસૂરીરાયજી,**
**પ્રેમ વિબુધપય** સેવક ઈણપરે, **ભાણ** નમે તુમ પાયજી-શ્રી૦(૫)

---

૧. ચરણ-કમળ ૨. મન-ભ્રમર ૩. સુગંધથી ૪. અજ્ઞાનીઓ પણ સમજી શકે તેવા બાહ્ય લક્ષણોથી અન્ય દેવો ધતૂરા જેવા છે ૫. દુર્મતિ-કુમતિઓના સહવાસથી તે કુદેવો આજ સુધી ઉચિત લાગ્યા અને કામ સરશે, એમ ધારી માન્યા-પૂજ્યા ૬. લૌકિક તે બધા દેવો ૭. છોડી ૮. એવા

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

(રાગ-મારૂ)

**મોરૂં** મન લાગ્યું રે વિપ્રાનંદશું રે, દેખાઉં તો દુખડાં જાય રે
ભવ-ભવ કેરી તપતિ[1] નિવારીયેં રે, સુખ અનંતા થાય રે-મોરૂં૦(૧)

વન અતિ મોટું રે અટવી દોહિલીરે, ચોરાશી લાખ ખાણ રે
ભૂલા ભમતાં પાર ન પામીયે રે, મોહે તે છાયા[3] મેરા પ્રાણ રે-મોરૂં૦(૨)

મારગ દિખાઓ રે ! પ્રભુ મિલવા તણોરે, દિઓ દરિશણ મહારાજ રે
ભગત ઉધારો રે **આણંદ** આપણો રે, **નમિજન** ! સારો મોરાં કાજ રે-મોરૂં૦(૩)

---

૧. તાપ ૨. મોહથી ૩. ઢંકાયેલા

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

(બેહુ કરજોડી કહે છે કામિની, કંત સુણો અરદાસ-એ દેશી)

**શ્રી નમિસ્વામી** રે ! જાગી શુભ-ચેતના, [1]રાગ ધર્યો તુમ સાથ;
સમકિત પામી રે સાર[2] દશા ધરી, દીઠો શિવપુર[3]—સાથ;
નમિજિન ! ભાસે(તું) પોતા[4] સારખો, પ્રભુને જોઈ કીજે રે પારખો[5]-નમિ૦(૧)

આતમ જાણું રે નિરૂપાધિકપણું, સ્વાભાવિક ગુણ-ખાણ;
છે અસંખ્યા રે પ્રદેશ નિરાવરણા, લોકાકાશ-પ્રમાણ-નમિ૦(૨)

નિજ-પ્રદેશ રે એકે કહે, ગુણ અનંત નિવાસ;
પરમાનંદી રે શિવસુખ[6]-સંપન્ન, નિરામય સુવિલાસ-નમિ૦(૩)

નિર્વિકારી રે નિરાધારીએ, દ્રવ્ય-કર્મ[7]-વિનિર્મુક્ત;
ભાવ-[8]કર્મથી રે ત્યક્ત નિરંજન, નો-કર્મ[9]-હીણો ઉક્ત-નમિ૦(૪)

દર્શન-નાણી રે કેવળ ભાવથી, અ-રૂપી અ-વિનાશ;
નિરાવરણી રે નિર્ગ્રંથી નિર્માય, નિર્લેશ નહી ફાસ-નમિ૦(૫)

સંયોગી રે ઉપાધિ સવે, કનક[10]-ઉપલને ન્યાય;
ધ્યાનાનલની રે જ્વાળાયે સહી, પૃથક[11] કર્યે સુખ થાય-નમિ૦(૬)

એહવો ભાસ્યો રે આતમ આપણો, નમિ-જિનનાં સુણી વાચ;
**કીર્ત્તિ** વાધી રે દેશ-દેશાંતરે, **લક્ષ્મી** કહે જિન ! સાચ-નમિ૦(૭)

---

૧. શુભ આત્મદશા ૨. શ્રેષ્ઠ ૩. મોક્ષપુરનો સાથી ૪. પોતાના જેવો ૫. પરીક્ષા ૬. મોક્ષના સુખથી ભરેલ ૭. કાર્મણ વર્ગણાના પુદ્ગલથી રહિત ૮. કર્મબંધના કારણભૂત અધ્યવસાયોથી ૯. કર્મબંધનના સહકારી શરીરાદિ કારણથી હીન=રહિત ૧૦. ખાણમાં ભળેલ સોનું અને માટીની રીત મુજબ ૧૧. જૂદું

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (કપૂર હોવે અતિ ઉજળો રે-એ દેશી)

**શ્રી નમિનાથ**-જિણંદને રે, ચરણ-કમળ લય લાય
મૂકી આપણી ચપળતા રે, તુચ્છ[૧]-કુસુમે મત જાય રે
સુણ ! મન-મધુકર ! માહરી વાત ! ન કરો ફોકટ વિલુપાત[૨]-સુણ૦(૧)
વિષમકાળ[૩] વર્ષા ઋતૂ રે, ક્રમિ-ક્રમિ હુઓ વ્યતીત
છેહલો[૪]પુગ્ગલ[૫]-પરિયટ્ટોરે, આવ્યો શરદ[૬] પ્રતીતરે-સુણ૦(૨)
જ્ઞાનાવરણ વાદળ ફટે રે, જ્ઞાનસૂરજ પરકાશ
ધ્યાન-સરોવર વિકસિયાં રે, કેવળ-લક્ષ્મી વાસ રે-સુણ૦(૩)
નામે લલચાવે કોઈ રે, કોઈક નવ-નવ રાગ
એહવી વાસના[૭] નહીં બીજે રે, શુદ્ધ-અનુભવ સુ-પરાગ રે-સુણ૦(૪)
ભમત-ભમત કહાવિયે રે; મધુકરનો રસસ્વાદ
**માનવિજય** મનને કહે રે, રસ ચાખો આલ્હાદ રે સુણ૦(૫)

---

૧. સંસારરૂપ હલકાં ફૂલ વિષે ૨. વલોપાત ૩. પંચમ આરા રૂપી ૪. છેલ્લો ૫. પુદ્ગલપરાવર્ત ૬. શરદઋતુ ૭. સુગંધ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (રંગીલે આત્મા-એ દેશી)

નેહ કરો **નમિનાથશું**, જે છે ચતુર સુજાણ, -સુરંગા સાહિબા;
અર્થ સરે શ્યો તેહથી નિર્ગુણ નહિં ગુણ[૧]-જાણ-સુરંગા૦(૧)

રાગી દોષી[૨] દેવતા, તે કિમ આવે જોડ ?-સુરંગા૦
એ તો દેવનો દેવ છે, વીતરાગ ગુણ કોડ-સુરંગા૦(૨)

કિહાં સાયર કિહાં છીલરૂ કિહાં દિનકર[૩] ખદ્યોત[૪] -સુરંગા૦
કિહાં ધૃતપુર[૫] ને કુસકા ![૬] કિહાં મૃગપતિ[૭] ! મૃગપોત![૮] -સુરંગા૦(૩)

કિહાં તારાપતિ[૯] તારિકા[૧૦] કિહાં ચિંતામણી કાચ-સુરંગા૦
કિહાં ચંદન કિહાં આકડો કિહાં કક્કર[૧૧]કિહાં પાચ[૧૨]-સુરંગા૦(૪)

**જ્ઞાનવિમલ** ગુણ-સંપદા, સંયુત એ ભગવાન-સુરંગા૦
અવર કહો કિમ દેવતા, આવે એહ ઉંપમાન ?[૧૩] -સુરંગા૦(૫)

---

૧. ગુણની કદર ન કરનાર ૨. દ્વેષવાળા ૩. સૂર્ય ૪. આગીયો ૫. ઘેવર ૬. ફોતરા ૭. સિંહ ૮. હરણનું બચ્ચું ૯. ચંદ્ર ૧૦. સારો (નાનો) ૧૧. કાંકરા ૧૨. શ્રેષ્ઠ મણિ ૧૩. હરોળે

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ ગોડી મનમોહન પ્યારે નેમજી-એ દેશી)

**નમિનાથ** નમું એકવીસમો, જિનવર જોડી દોય હાથ રે,
**ઈક્ષાગવંશ** ચૂડામણિ પ્રભુ, મુગતિપુરીનો[1] સાથ રે-નમિ૦(૧)

**નંદનવર વિજ્યા** વરિંદનો, મોહારિ[2] વિજય-વરકાર રે,
નીલોત્પલ લંછન મનોહરૂ, માત **વપ્રાદેવી** મલ્હાર રે[3]-નમિ૦(૨)

**મિથિલા**નયરીનો રાજીઓ, પન્નર ધનુ ઉન્નત અંગ રે,
નિજ તનુ-વાને કરી જીપતો, ચંપકનાં ફુલ સુરંગ રે-નમિ૦(૩)

સુરરાય **ભૃકુટિ** અતિ દીપતો, **ગંધારી** દેવી ઉદાર રે,
જસ ચરણ-કમલ સેવે સદા, મન આણી ભગતિ અપાર રે-નમિ૦(૪)

દશ સહસ વરસનું આઉખું, પાળી પામ્યા પદ નિર્વાણ રે,
મુનિ **ભાવ** ભણે તે જિનવરૂ, મુજને **દ્યો** કેવળનાણરે-નમિ૦(૫)

૧. સોબતી ૨. મોહરૂપ શત્રુના વિજયને શ્રેષ્ઠ રીતે કરનાર ૩. પુત્ર

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-જયક્ષ્યવંતી)

પ્રભુસોં[1] પ્રીત કરી, ભાઈ મેં તો પ્રભુ૦
**શ્રી નમિનાથ** જિનેસરજીસોં, લાગી લગન ખરી-મેં૦(૧)

માતા **વપ્રા વિજયનૃપતિસુત, મિથિલા** જનમપુરી;
પણદશ[2] ધનુષ શરીર કનક દ્યુતિ[3] સેવત ચરણ હરી[4]-મેં૦(૨)

દશ હજાર વરષકો આયુ, મહિમા જગત ભરી,
દોષ અઢાર રહિત હિતકારણ, સાધી શિવનગરી-મેં૦(૩)

જબ મેં ચરણકમલ ચિત લીનો, તબહિ વિપત ડરી,
**હરખચંદ** ચિત આનંદ પાયો, મનકી આશ ફલી-મેં૦(૪)

૧. પ્રભુથી ૨. પંદર ૩. કાંતિ ૪. ઈંદ્ર

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(દેશી-યદુરાયાની)

**શ્રી નમિનાથ**-જિણંદજી રે લાલ, અવધારો અરિહંત-જિનરાયા
સેવક જાણી આપણો રે લાલ, દીજે સુખ અનંત-જિન૦ શ્રી૦
સેવું હું નિશ્ચલ-મને રે લાલ, નિશદિન બે-કર-જોડ-જિન૦
તો પણ જો રીઝો નહીં રે લાલ, તો શી ખિજમતે[1] ખોડ ? જિન૦શ્રી૦(૨)

સેવક સહુ સરિખા ગણે રે લાલ, જે હોયે ચિત્ત[2]મહંત-જિન૦
શશિ[3]-ઉદય સાયર વધે રે લાલ, કૈરવ[4] પણ વિકસંત-જિન૦ શ્રી૦(૩)

અંજલિ કુસુમેં વાસિયે રે લાલ, સરિખાઈ[5] કર દોય-જિન૦
તિમ ઉત્તમની સેવના રે લાલ, સહુશું સરિખી હોય-જિન૦ શ્રી૦(૪)

પાંતિ[6]-પટંતર નવિ કરે રે લાલ, જે હોયેં દાતાર-જિન૦
ખેતર-ઓખર[7] નવિ ગણે રે લાલ, વરસંતો જલધાર-જિન૦ શ્રી૦(૫)

ઈમ જાણી મંન આણીયેં રે લાલ, પૂરણ પ્રેમવિલાસ-જિન૦
સહજ-સનેહી સાહિબા રે લાલ, પૂરે વંછિત-આશ-જિન૦ શ્રી૦(૬)

દેજો ચરણની સેવના રે લાલ, મહેર કરો જગદીશ-જિન૦
**નયવિજય** ઈમ વિનવે રે લાલ, જ્ઞાનવિજય ગુરુશિષ-જિન૦ શ્રી૦(૭)

---

૧. સેવામાં ૨. ઉદાર ચિત્તવાળા મહાપુરુષો ૩. ચંદ્રના ઉદયે ૪. ચંદ્ર વિકાશી કમળ ૫. સાચી રીતે ૬. ભેદભાવ ૭. ઉષર=ખારવાળી ભૂમિ

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

પરતિખ[1] પ્રભુજી સું મિલ્યાં, કેઈ સુધરે કાજ હો, જિનવરજી જાણીને વારુ
સંદેસૈ[2] ઓલગ[3] ન હવૈ વારુ, સુખદાયક સિરતાજ હો-જિન૦(૧)

અન ઘન[4] નીર[5] કથા[6] કથૈ[7]-વારુ, દાબ લગિ ન હુવૈ તોષ-હો-જિન૦(૨)

પ્રભુ ! કહો કિમ પર કર થકી-વારુ, નખિસી જાયઇં ખાજિ હો-જિન૦
**વિજયા**[૯]-સુત તુમ વિનવું-વારુ, માની જઇ જિનરાજ હો-જિન૦(૩)

ઈમ જાણીને આવીયો-વારુ, કરવા તુઝ પાય સેવ હો-જિન૦
અતુલીબલ બલ ફોરવી-વારુ, દેજયો મુઝનૈ દેવ હો-જિન૦(૪)

તેહનૈ કહિ સમજાઈયૈ-વારુ, જે હુવૈ નિપટ[૧૦] અજાણ હો-જિન૦
પ્રભુસ્યું કિસુંઅ છિપાઈયેં-વારુ, જાણો નાણ પ્રમાણ હો-જિન૦(૫)

વહતૈ વારુ, વાલહા-વારુ, કીજઇ છઇ કબુલ હો-જિન૦
ને અખિયા ઈત ઉબરઇ-વારુ, આતમના આધાર હો-જિન૦(૬)
આપણો દાસ નિવાજતાં-વારુ, અલવેસર ઈણ વાર હો-જિન૦
તું કયાવર મતિ જાણ જો-વારુ, વિશ્વતણા આધાર હો-જિન૦(૭)

નમિ ! કિવણાઈ[૧૧] મત કરો-વારુ, પૂરો મનના લાડ હો-જિન૦
મનકી બાતાં સુહ કરી-વારુ, નવિ રાખી કાંઈ આડ હો-જિન૦(૮)

**ઋષભસાગરજી** સુખ ઉપનો-વારુ, વાર્યો કુમતિ કુસંગ હો-જિન૦
અંતરજામી આપસુ-વારુ, વરત્યો પરમાનંદ હો-જિન૦(૯)

---

૧. સાક્ષાત્ ૨. સંદેશાથી ૩. સેવા ૪. વાદળા ૫. પાણી ૬. વાત ૭. કર્યેથી ૮. હે પ્રભુ ! બીજાના હાથથી પણ સંગત રીતે શી રીતે દૂર થાય, (ત્રીજી ગાથાનો પૂર્વાર્ધનો અર્થ) ૯. શ્રી નમિનાથજીની માતાજીનું નામ ૧૦. સર્વથા ૧૧. કંજુસાઈ

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

નમિ નિરંજન નાથ નિર્મલ, ધરૂં ધ્યાન રે
સુંદર જેહનું રૂપ સોહે, સોવન વાને રે-નમિ૦(૧)

વેણ તાહરા હું સુણવા રસીયો, એક તાને રે
નેણ માહરા રહ્યાં છે તરસી નિરખવાને-નમિ૦(૨)

એક પલક જો રહસ્ય પામું, કોઈક થાને રે
હું તું અંતરમે હળીમળું, અભેદજ્ઞાને રે-નમિ૦(૩)

આઠ પહોર હું તુજ આરાધું, ગાવું ગાને રે
ઉદયરત્ન પ્રભુ ! નિહાલ કીજે, બોધિદાને રે-નમિ૦(૪)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (યોગીસર ચેલાની દેશી)

વપ્રાનંદ[૧] વધારજયો રે, નિજ સેવકની લાજ રે,
જિનેસર ! સૌમ્ય નજરે સ્હામું જુઓ હો લાલ
એકાંગી કરી ઓળગે[૨]રે, તે કિમ આવે વાજ[૩] રે,
જિનેસર ! કાજ વિચારી જે કરે હો લાલ (૧)

રાગી દોષી દેવ જો રે, દીઠા નાવે દાય રે-જિને૦
મુખ મીઠા ધીઠા હીયે હો લાલ
લટપટ કરી લખ લોકને રે, લલચાવે ધરી માયા રે-જિને૦
મન ન રૂચે તિહાં માહરૂં હો લાલ (૨)

આગમમાંહિ સાંભળ્યું રે, પતિતપાવન તુમ નામ રે-જિને૦
કરૂણાવંત શિરોમણિ હો લાલ
તો મુજને એક તારતાં રે, શ્યું લાગે છે દામ રે—જિને૦
જગ **જશ** વિસ્તરશે ઘણો હો લાલ (૩)

તુમ દરિશન તન ઉલ્લસે રે, જલધર જેમ કદંબરે-જિને૦
કોકિલ અંબ[૪] અલી[૫] માલતી હો લાલ
મોડો વહિલો મનાવશ્યો રે, એવડો તો શ્યો વિલંબ રે-જિને૦
ખોટ ખજાને કો નહી હો લાલ (૪)

આખર આશા પૂરશ્યો રે, મુજને સબળ વિશ્વાસ રે-જિને૦
એવડી ગાઢિમ[૬] કાં કરો હો લાલ,
**ક્ષમાવિજય** કવિ શિષની રે, સાંભળીએ અરદાસ રે-જિને૦
પરમાનંદ પદ દીજીયે હો લાલ (૫)

૧. શ્રી વપ્રા-માતાના પુત્ર ૨. સેવા કરે ૩. અનુકૂળ ૪. આંબો ૫. ભ્રમર ૬. પકડ-ખેંચ

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(ઉભી ભાવલ દેરાણી અરજ કરે છે-એ દેશી)

ખિજમત[૧] ગારો ખાસો, મુકું ન પાસો,[૨]
મુજને સમકિત વાસો હો-વપ્રા[૩] રાણીના જાયા
સુરનર નાગિંદે ગાયા, મોહન મહિર[૪] કરીજે,
આજ્ઞા ધરીને આયા અહોનિશ સેવે, તેહને દીજે દિલાસા[૫] હો
વપ્રા રાણીના જાયા-સુર૦ મોહન૦(૧)

ઘર ઘર ભટકી લાજ ગમાવે, તે સેવક કુણ[૬] લેખે હો-વપ્રા૦
પતિત - પાવન જગજીવન - ઓષધીશ[૭],
સરિસ દરિસણ ઉવેખે હો-વપ્રા૦ સુર૦ મોહન૦(૨)

કામ-સ્નેહ-દૃષ્ટિરાગને છોડી, ગુણરાગે રઢમંડી[૮] હો-વપ્રા૦
પ્રાણ તજે પણ પ્રીત ન છંડે, તેહની કીર્તિ અખંડી હો
-વપ્રા૦ સુર૦ મોહન૦(૩)

ક્ષેત્ર-કાળાદિક કારણ દાખી, મુજને શું ભોળવો હો-વપ્રા૦
પ્રણતિ મ્હારી સહાય તુમ્હારી, અવસર એહ બનાવો હો
-વપ્રા૦ સુર૦ મોહન૦(૪)

ભુ-જળ યોગે અંકુર શક્તિ, પ્રગટે એહ નહિ છાનો હો-વપ્રા૦
**ક્ષમાવિજય-જિન** કરૂણા લહરી, અક્ષય લીલ ખજાનો હો
-વપ્રા૦ સુર૦ મોહન૦ (૫)

---

૧. સેવક ૨. પડખું ૩. પ્રભુજીની માતાજીનું નામ ૪. કૃપા ૫. આશ્વાસન ૬. હિસાબમાં ૭. ઓષધીશ=ચંદ્ર ૮. લય=ધૂન ૯. નમસ્કાર=સેવા

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

## (મહિડારો દાણ ન હોય યે ગોવાલીડા-એ દેશી)

**શ્રી નેમિજિન** ! તુજશું સહિરે, મેં કરી અ-વિહડ[1]પ્રીત,
તું નિ[2]સનેહી થઈ રહ્યો, પ્રભુ ! એ નહી ઉત્તમ-રીત રે-
સલૂણા ! મન ખોલી સામું જુઓ ! મારા વાહલા,
જુઓરે જુઓરે મારા વાહલા ! મન ખોલી૦ (૧)

એટલા દિન મેં ત્રેવડી[3] રે, પ્રભુજી તાહરી લાજ,
આજથી ઝગડો માંડશું, જો નહિં સારે મુજ કાજરે-સલૂણા ! મન૦ (૨)

આગળથી મન માહરૂં રે, તેં કીધું નિજ હાથ,
હવે અળગો થઈને રહ્યો, તે દાવો છે તુમ સાથ રે-સલૂણા ! મન૦ (૩)

કઠિન હૃદય સહી તાહરૂં રે, વજ્રથકી પણ બેજ[4]
નિગુણ-ગુણે રાચે નહી, તિલ-માત્ર નહિ તુજ હેજ રે-સલૂણા ! મન૦(૪)

મેં એકતારી[5] આદરી રે, નાવે તુજ મન નેહ,
છોડંતા કિમ છૂટશો, આવી પાલવ વિલગ્યા જેહ રે-સલૂણા ! મન૦ (૫)

સો વાતે એક વાત છે રે, ઉંડુ આલોચી[7] જોય,
આપણને જો આદર્યા, ઈમ જાણે જગ સહુ કોયરે-સલૂણા ! મન૦ (૬)

જો રાખી સહી તાહરૂં રે, ભગત-વત્સલ અભિધાન,
**હંસરતનને** તો સહી, દીજે મન વંછિત દાન રે-સલૂણા ! મન૦ (૭)

૧. ગાઢ ૨. રાગ વિનાનો ૩. રાખી ૪. વધુ ૫. એકમેકપણે ૬. છેડો ૭. વિચારી

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (આસણરારે યોગી-એ દેશી)

આજ **નમિનાથ** રાજને કહીયેં, મીઠે વચન પ્રભુ-મન લહીયેં રે-સુખકારી સાહેબજી ?
પ્રભુ છે નિપટ-નિસનેહી નગીના, તો હિયડે છું સેવક આધીના રે-સુખ૦(૧)

સુનિજર[1] કરશો તો વરશો વડાઈ, સુકહીશેં પ્રભુને લડાઈ રે-સુખ૦
તુમે અમને કરશ્યો મોટા, કુણ કહેશે પ્રભુ ! તુમને ખોટા રે-સુખ૦(૨)

નિશંક થઈ શુભ વચનો કહેશ્યો, તો જગ શોભા અધિકી લહશ્યો રે-સુખ૦
અમે તો રહ્યા છું તુમ મને રાચી, રખે આપ રહો મત ખાંચી રે-સુખ૦(૩)

અમ્હે તો કિશું અંતર નવિ રાખું, જે હોવે હૃદયે તે કહી દાખું રે-સુખ૦
ગુણીજન આગળ ગુણ કહેવાયે, જેવારે પ્રીત પ્રમાણે થાય રે-સુખ૦(૪)

વિષધર[૨] ઈશ[૩] હૃદયે[૪] લપટાણો, તેહવો અમને મળ્યો છે ટાણો રે-સુખ૦
નિરવહેશ્યો જો પ્રીત અમારી, કલિમાં[૫] કીરતિ થાશ્યેં તમારી રે-સુખ૦(૫)

ધૂતાઈ ચિતડે નવિ ધરશ્યો, કાંઈ અવળો વિચાર ન કરશ્યો રે-સુખ૦
જિમ તિમ જાણી સેવક જાણેજયો, અવસર લહી સુધ[૬] લહેજયો રે-સુખ૦(૬)

આસંગે[૭] કહીએ છે તુમને, પ્રભુ ! દીજે દિલાસા અમને રે-સુખ૦
**મોહનવિજય** સદા મન રંગે, ચિત લાગ્યો પ્રભુને સંગેરે-સુખ૦(૭)

૧. મીઠી નજર ૨. સર્પ ૩. મહાદેવ ૪. છાતીએ ૫. કલિયુગમાં ૬. ગાઢ પ્રેમના કારણે

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (લંકાનો રાજા-એ દેશી)

**શ્રી નમિનાથ** મુજ મન વસ્યો રે, ગિરૂઓ ગુણની ખાણ રે
-ત્રિભુવનનો રાજા દીપેરે જસ ચડત[૧] દિવાજા,
ચઉદરાજને છેહડે રે, ઉંચો જેહનો ઠાણ રે-ત્રિભુ૦...(૧)
મુજરો કો પાવે નહીં રે, ઈંદ ચંદ નાગિંદ રે-ત્રિભુ૦
રાગે નજર ન મેળવે રે, તો કુણ જાણે છંદ[૨] રે ?-ત્રિભુ૦...(૨)
તેહશું મેં કરતાં કરી રે, અચરજવાળી વાત રે-ત્રિભુ૦
ભગતિ અપૂરવ દોરીયે રે, આકર્ષ્યો ઈણ ભાત રે-ત્રિભુ૦...(૩)
ઉરમંદિર[૩] આવી કરયો રે, અવિચલ વાસો તેણ[૪]રે-ત્રિભુ૦
મનમેળું કીધો ખરો રે, જે નવિ હોવે કેણ રે-ત્રિભુ૦...(૪)

ભવજલનો ભય મેટીયો રે, વાધ્યો અધિક ઉમંગ રે-ત્રિભુ૦
**વિમલવિજય** ઉવજઝાયનો રે, રામ કહે મન રંગ રે-ત્રિભુ૦...(૫)

૧. ચઢતી કળા ૨. અભિપ્રાય ૩. મનમંદિરે ૪. તે પ્રભુજીએ

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(દોશીડાને હાટે જાજ્યો લાલ, લાલ કસૂંબો ભીંજે છે-એ દેશી)**

**વિજય**[૧]-નરેસર નંદન લાલ, **વપ્રા**[૨]-સુત મન મોહે છે
નીલોત્પલ[૩] લંછન પાએ લાલ, સોવનવાન[૪] તનુ સોહે છે...(૧)

**મિથિલાનયરીનો** વાસી લાલ, શિવપુરનો મેવાસી[૫] છે
મુનિ વીશ સહસ જસ પાસે લાલ, તેજ કળા સુવિલાસી છે...(૨)

પ્રભુ ! પંદર ધનુષ પરિમાણે લાલ, જગમાં કીર્તિ વ્યાપી છે
પ્રભુ ! જીવદયાનેં થાણેં[૬]લાલ, **સુમતિ**લતા જિણે થાપી છે...(૩)

**નમિનાથ** નમો ગુણખાણી લાલ, અક્ષય વળી અવિનાસી છે
તેણે વાત સકળ એ જાણી લાલ, જેહને આશા દાસી છે...(૪)

**શ્રી સુમતિવિજય** ગુરૂ નામે લાલ, અવિચળ લીલા લાધી છે
કહે **રામવિજય** જિન ધ્યાને લાલ, કીરતિ કમળા વાધી છે...(૫)

૧. પ્રભુજીના પિતાનું નામ ૨. પ્રભુજીની માતાનું નામ ૩. નીલકમલ ૪. કંચન જેવી કાંતિ
૫. ઠાકોર ૬. સ્થાનમાં

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

(દેશી-ઘડુલાની)

વિષમ વિષયની વાસના હે ! સ્વામી ! લાગે અમૃતસી મોહી હે
શિવગામી સ્વામી ! ભવોદધિહાં-સાહિબ !
ભવોદધિ કેમ તરશ્યાં-હો રાજ !
પરિણતિ વિરૂઈ[1] મોહની હે ! સ્વામી !
મોને રુચે છે તોહી હે-શિવ૦ ભવો૦(૧)

ક્રોધ ઉપાધે હું રહું હે સ્વામી !
માન અનલશ્યું[2] પ્રીતી હે-શિવ૦ ભવો૦
માયા દાસી વાલહી[3] હે સ્વામી,
લોભની લાગી રીતિ હે-શિવ- ભવો૦(૨)

જનમ-જરાની પીડના[4] હે ! સ્વામી !
તેહથી ન બીહું કાંઈ હે-શિવ૦ ભવો૦
સમકિત સરિખી સુખડી હે ! સ્વામી !
તે પિણ નાવે દાય[5] હે-શિવ૦ ભવો૦(૩)

પરમ સુધાની નાળિકા[6] હે ! સ્વામી !
આગમ તે ન સુહાય હે-શિવ૦ ભવો૦
વિકલ્પ-ભાવની કલ્પના હે ! સ્વામી !
તો પણ દૂરે ન જાય હે-શિવ૦ ભવો૦(૪)

ઢંગ એસા માહારા હે ! સ્વામી !
આવે કહેતાં લાજ હે-શિવ૰ ભવો૰
નામ ધરાવું તાહરૂં હે ! સ્વામી !
આ એતલું તે મુજ સાજ હે-શિવ૰ ભવો૰(૫)

સેવક જાણી આપણો હે ! સ્વામી !
તારીશ તુંહિજ એક હે-શિવ૰ ભવો૰
અવગુણ ન જુએ આદિથી હે ! સ્વામી !
મોટાની મોટી ટેક હે-શિવ૰ ભવો૰(૬)

**પ્રેમ** પ્રમાણે પાળજ્યો હે ! સ્વામી !
જાણી ને ખાસા દાસ હે-શિવ૰ ભવો૰
**કાંતિકહે નમિનાથજી** હે ! સ્વામી !
હોજ્યો તુમ પદ વાસ હે-શિવ૰ ભવો૰(૭)

૧. ખરાબ ૨. અગ્નિથી ૩. પ્યારી ૪. પીડા ૫. અનુરૂપ ૬. નાળ

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (મોતીડો બિરાજે ગોરી થારા નથમાં-એ દેશી)

પુરૂષોત્તમ[૧] સત્તા છે થારા ઘટમાં,
વપ્રાનંદનવંદન કીજે તુજ સમ અવર ન યતિવટમાં[૨]-પુરૂ૰ (૧)

હરિ હર બ્રહ્મ પુરંદર[૨] પમુહા, મગન હુઓ સવી ભવનટમાં-પુરૂ૰ (૨)

ઉપશમ રતિ પ્રભુ તાહરી જગને, જિતી કરાવી અરિથટમાં-પુરૂ૦ (૩)
વીતરાગતા તુજ તનુ આખે[૪], સમરસ વરસે ભુવિવટમાં-પુરૂ૦ (૪)
વિજયનૃપતિસુત સેવા ખિણમાં, આણે સેવક ભવતટમાં-પુરૂ૦ (૫)
**ન્યાયસાગર** પ્રભુ સહજ-વિલાસી, અજર અમર લહી લટપટમાં-પુરૂ૦ (૬)

૧. શુદ્ધ આત્માની ૨. સાધુ સમૂહમાં ૩. ઈંદ્ર ૪. કહે

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (દેશી ઝુબકડાની)

**શ્રીનમિનાથ** સોહામણા, નમિયે અતિ આણંદ-સલૂણો સાહિબો
અવર દેવ તુમ અંતરો, જીમ સુરતરૂ પિચુમંદ -સોભાગી સાહિબો(૧)

પાંચ[૨] કાચ-મણિ પથ્થરા, જિમ દિનકર-ખદ્યોત-સો૦
ખીરસિંધુ ને છીલરૂં, જિમ મૃગપતિ મૃગપોત-સલૂણો૦-સો૦(૨)

**વપ્રા**રાણી નંદનો, **વિજયનરેસર** જાત સો૦
નીલકમળદળ લંછનો, કંચન વાન વિખ્યાત-સલૂણો૦-સો૦(૩)

અરિ નમિયા તિણે કારણે, નામ ઠવ્યું નમિનાથ-સો૦
ગર્ભથકી મહિમા ઈસ્યો, સો સાહિબ શિવસાથ-સલૂણો૦-સો૦(૪)

તો ધ્યાને અંતર નથી, કિમ રહે નિશ્ચય એહ-સો૦
**ન્યાયસાગર નમિનાથને**, દરિશણ સુખ અછેહ-સલૂણો૦-સો૦(૫)

૧.લીંબડો ૨. બનાવટી રત્ન

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (વારી રંગ ઢોલણા-એ દેશી)

નમિજિનવર એકવીશમો હો રાજ ! ત્રિભુવન તારણહાર-વારી મોરા સાહિબા૦
છ લાખ વરસનું આંતરૂં હો રાજ ! આતમચો આધાર-વારી૦(૧)

આસો સુદિ પૂનમે ચવ્યા હો રાજ ! જનમ શ્રાવણ વદિ માસ-વારી૦
આઠમે અતિશય ઋારશું હો રાજ ! કનક વરણ છબિ[1] જાસ-વારી૦(૨)

પંદર ધનુષ તનુ ઉંચતા હો રાજ ! દીક્ષા વદિ આષાઢ-વારી૦
નવમી પાય નિવારણી હો રાજ ! જાસ પ્રતિજ્ઞા આઘાટ[2]-વારી૦(૩)

માગશિર સુદી એકાદશી હો રાજ ! પામ્યા સમયિક[3] જ્ઞાન-વારી૦
દશ હજાર વરસોતણું હો રાજ ! આયુનું પરિમાણ-વારી૦(૪)

વૈશાખ વદી દશમી દિને હો રાજ ! જિનવર **ઉત્તમ** સિદ્ધ-વારી૦
**પદ્મ** તસ ગુણ ગાવતાં હો રાજ ! માનવનું ફળ લિદ્ધ-વારી૦(૫)

---

૧. શરીરની પ્રભા ૨. દૃઢ ૩. કેવળ જ્ઞાન

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(મુગટ બન્યો મહાવીરનો જો-એ દેશી)

નિત નમિયેં **નમિ**-જિનવરૂરે જો, જે એક અનેક સ્વરૂપ જો;
નિત્ય-અનિત્યપણે વળી જો, જેહના ગુણ અતિ અદ્ભુત જો-નિત૦(૧)

અવયવી-અવયવ રૂપ છે જો,જે અસ્તિ-નાસ્તિ-સ્વભાવ જો
વળી ગુણાતીત ને જે ગુણીજો, રૂપાતીત સ્વરૂપી ભાવ જો-નિત૦(૨)

વ્યય-ઉત્પત્તિ ધ્રુવ જેહ છે જો, જે વેદી-અવેદી વિચાર જો
ભિન્ન-અભિન્નપણે કરી જો, નિત્ય ભોગવે સુખ શ્રીકાર જો-નિત૦(૩)

કર્ત્તા અ-કર્ત્તા જેહછે જો, વળી ભોક્તા અ-ભોક્તા જેહ જો
સક્રિય અને અક્રિય વળીજો, પરિણામ ઈતર ગુણ-ગેહજો-નિત૦(૪)

યોગાતીત યોગીસરૂજો, વર્ણાતીત ને તદવંત જો,
સ્યાદવાદે એણીપરે કરી જો, તું સિદ્ધસ્વરૂપ ભગવંત જો-નિત૦(૫)

ઈમ જિનવરને ઓલખી જો, જે થિર મન કરી સેવ જો
**ઉત્તમ** ભવિજનને હોવે જો, કહે **પદ્મવિજય** પોતે દેવ જો-નિત૦(૬)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિજી મ.

(દેશી આછેલાલની)

શ્રીનમિજિણંદ દયાળ, અનુભવ ભોગ રસાળ,
આછે લાલ ! જગવંદન જિન ભેટીયેજી (૧)

અંબુજ-દલપરે નયણ, દુર્જય જીત્યો મયણ,
આછે લાલ ! વયણસયણ પરે સુખકરૂજી (૨)

લક્ષણ શોભિત અંગ, અડહિય સહસ ઉત્તંગ,
આછે લાલ ! અભ્યંતર અગણિત સદાજી (૩)

લાજયો શશિ મુખ જોય, તપન[૧]-ખદ્યુત[૨] સમ હોય,
આછે લાલ ! અધર[૩] અરૂણોદય સમપ્રભાજી (૪)

અષ્ટમી શશિ સમ ભાળ, ઇંદ્ર નાગેંદ્ર નિહાળ,
આછે લાલ, ચકિત નયણે તે જુવેજી (૫)

સહજ અદ્‌ભૂત રૂપકાંતિ, નિરખી હરષે જિન ખાંતિ,
આછે લાલ ! કાંત[૪] એકાંત નહિ તુમ સમોજી (૬)

ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર, કિન્નર અનંગ દિણંદ,
આછે લાલ ! ઉપમ સવિ તુજ પદ નમેજી (૭)

મિટે નિરૂપમ જિનરાજ, ચિદાનંદઘન સાજ,
આછે લાલ ! શોક રહિત થિતિ નિત રહેજી (૮)

વિઘન નિવારક દેહ, ધ્યેય સ્વરૂપી ગુણગેહ,
આછે લાલ ! શિવગામી નામી સાહિબોજી (૯)

અનુક્રમે ગ્રહી ગુણઠાણ, પામ્યા કેવળ ગુણખાણ
આછે લાલ ! તે મુજ સાહિબ **નમિજિનાજી** (૧૦)

એહ વિનતિ ચિતધાર, આપવો સમકિત સાર,
આછે લાલ ! સેવક-ભાવ નિવારીયેજી (૧૧)

ગિરૂઆ ગરીબનિવાજ, મહિર કરી મહારાજ,
આછે લાલ ! **સૌભાગ્યલક્ષ્મીસૂરિ** સુખ દીઓજી (૧૨)

---

૧. સૂર્ય ૨. આગિયો ૩. ઓષ્ઠ ૪. સુંદર

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

### (નાભિરાયા કે બાગ-એ દેશી)

**વપ્રા**નંદન એક નાથ, મસ્તક યહ કરોરી
કરે યોગ ને ક્ષેમ, તેહ જ નાથ ખરોરી...(૧)

જ્ઞાન-દર્શન-ચારિત્ર, પામ્યો નહિ કહિયેરી
દર્શન જ્ઞાન ચારિત્ર, આપવૈ યોગ હોયેરી...(૨)

પામી વસ્તુ જે સાર, અનુભવ કેરે ગુણેરી
તે રાખે ભલી ભાત, જાણો ક્ષેમ મનેરી...(૩)

સાચો તેહ જ નાથ, આપ સમો જે કરોરી
જે ન કરે આપ સમાન, તે મત કુણ ધરેરી...(૪)

**નમિનાથને** નામે, રાચો માચો ભવિરી
**ઋદ્ધિ** ને **કીર્તિ** સાર, **અમૃતપદ** હવીરી...(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

**નમિ જિનેશ્વર** સાંભળોજી, કરૂં વિનતિ કર જોડ,
મીંઢવતા મીઠી પરેજી, કુણ કરે તુમ્હ હોડ
જિનેશ્વર ! વારૂ ? લાધ્યો તુમ દિદાર૦...(૧)

હરખિત તોરે ઉવારણેજી, જાઉં વાર હજાર,
નજરે મુજરો કરી કરીજી, પામીશ દુઃખનો પાર, જિને૦...(૨)

કહેતાં પણ ન શકું કહીજી, તારા ગુણનો ગ્રામ
મૂગ સુપન ભલો લહીજી, પ્રગટ ન કહે આપ જિને૦..(૩)

જિમ તિમ બોલે બોલવાજી, કરવા તુમ્હ મનોહાર
કહેવાથી કરવું ઘણુંજી, એહ અરજ અવધાર, જિને૦..(૪)

સેવક લાજ ધરે કશીજી, કહેતાં વિમલ સ્વરૂપ
દાન મો પોં દાખણેજી, વાંછિત મોક્ષ અનુપ, જિને૦..(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

(દેશી-ભાવનાની)

નમી નમીને **નમિજિન** વંદિયે રે, કરી મન વચ કાયા શુદ્ધ
લખમી લીલા તસ ઘર બહુ પરેરે, પામી જે અવિરૂદ્ધ-નમી૦...(૧)

જો તુજ વયણ હૃદયમાં ધારીયે રે, સંભારિયે સો વાર
શોક-સંતાપ સવે દુઃખ વિસરે રે, આનંદ અધિક અપાર-નમી૦..(૨)

**વપ્રારાણી** કુખે અવતર્યા રે, માન-સરોવરે હંસ
મોહ મહાભડ હેલા જીતીયો રે, દીપાવ્યો નિજ વંશ-નમી૦..(૩)

સ્વામિ સુહંકર સેવા માહરી રે, મજરે આણી મયાલ[1]
હું રાગી તું નિરાગી પ્રભુ રે, કિમ રીઝવીયે કૃપાલ-નમી૦..(૪)

**વિજય-નરેસર-નંદન** નાહલારે, તું જાણે દિલની વાત
પંડિત **મેરૂવિજય**-ગુરુ-શિષ્યની રે, પૂરો મનની ખાંત-નમી૦..(૫)

૧. દયાળુ

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-કાનડો)

કર **દિલરંજન લાલ** હીરા, મણિગણ કંચન જરાવ
ધરાવે આભૂષણ **નમિનાથકી**, છબી અમિત શોભા દેખ-કર૦...(૧)

બદનકી ચંદ્રજયોત અધર બિંબ ઝલકત રાગ ભવ કટાચ્છ,
નિરખત નવલરૂપ, ઐસો નહી કો ખુબસોહે ભેખ-કર૦...(૨)

છત્ર હી બિરાજે શીશ, ચપલા ચોર ટલકત ભક્તિભાવ બનાય
પ્રણમત ભવિવૃંદવારા, પ્રભુતા ઔર સુરકી પેખ-કર૦..(૩)

કહત **અમૃત** ઐસો પ્રબલ; કૌન મતિધર આદિ અંત તમામ
તુમ ગુન બરન પાર ન લહે, એક ગુનકો લેખ-કર૦..(૪)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

**(સેવો સેવો હો લાલ પુરસાદાસી તુમને-એ દેશી)**

વંદો વંદો ને લાલ ! જિનભુવન જયકારી
પૂજો પૂજો બે લાલ જિન શાસન સુખકારી;
એકવીશમાં [૧]**નમિનાથ** જિણંદા, [૨]**મિથિલાપુર** અધિકારી-વંદો૦।।૧।।

[૩]લંછન નીલકમળ અતિસુંદર, પનર ધનુષ [૪]તનુ ધારી-વંદો૦
જસ દશ સહસ વરસનું [૫]આયુ,, કાયા [૬]કંચન સારી-વંદો૦।।૨।।

[૭]વિજય નૃપતિને [૮]વપ્રારાણી, નંદન આનંદકારી, વંદો૦
[૯]**ભૃકુટી** સુર [૧૦]**ગંધારી** દેવી, શાસનને હિતકારી-વંદો૦।।૩।।

સત્તર [૧૧]ગણધર વર ગુણખાણી, વીશ સહસ [૧૨]વ્રતધારી-વંદો૦
[૧૩]અજજા એકતાલીસ હજાર, કુમતિ કુગતિ ભય વારી-વંદો૦।।૪।।

હિયડે હરખી નયણે નિરખી, મોહન મૂરતિ તાહરી-વંદો૦
**પ્રમોદસાગર** જંપે પ્રભુજીના, દર્શનકે બલિહારી-વંદો૦।।૫।।

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (જીરેમારે શાંતિ જિણેસરદેવ, અરજ સુણો એક માહરીજીરે)

જીરે ! નમિ જિન અમિત આણંદ, [2]મંદર સમ [3]ધીરિમ ગુણે-જીરેજી
જીરે ! જેહ વિજયનૃપનંદ, ચંદન સમ શીતળપણે-જી૦।।૧।।
જીરે ! વપ્રાઉદર-સરહંસ, વંશ ઈખ્યાગ સુહંકરૂં-જી૦
જીરે ! કંસ[4]-ભાજન જળ અંશ, જિમ નિર્લેપી જિનવરૂ-જી૦।।૨।।
જીરે ! નીલકમળ પ્રભુ પાય, લાંછન મિસ સેવા કરે-જી૦
જીરે ! દ્રવ્યરમાનો ગેહ, ભાવરમા આશા ધરે-જી૦।।૩।।
જીરે ! એકવીશમા અ-કષાય, શિવસખાય લાયક મળ્યા-જી૦
જીરે ! પૂરણ થઈ મુજ આશ, આજ મનોરથ સહુ ફળ્યા-જી૦।।૪।।
જીરે ! દયાનિધિ જિનદેવ, સેવા કરૂં હું તાહરી-જી૦
જીરે ! કહે વાઘજી મુનિનો ભાણ, સફળ કરેજયો માહરી-જી૦।।૫।।

---

૧. ઘાસનું જંગલ ૨. મેરૂ ૩. ધૈર્ય ૪. કાંસાનું વાસણ

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

### (સાબરમતી આવ્યાં છે ભરપૂર જો-એ દેશી)

શ્રી નમિજિનવરજી છો દેવદયાળ જો, અવધારો વિનતડી ગુણ જ્ઞાની તુમે રે।
[1]કદીએ થાશો પરસન વયણ રસાળ જો, [2]વારે રે વારે પૂછાં છાં તે અમે રે૦।।૧।।

સેવા કરવા ઉભા છાં દરબાર જો, [3]રાતેરે [4]દીહેરે તાહરે આગળે રે ।
ખામી ન પડે તેહમાં એક લગાર જો, તોયેરે તુમારો મનડો ન મિલે રે૦॥૨॥

અખય ખજાનો તાહરે દીસે નાથજો, સેવકને દેતાં રે ઓછું શું હુવેરે ।
સાહિબાજી રે ! તો હું થયો સનાથ જો, નેક રે નજર શું જો સાહમું જુઓ રે૦॥૩॥

મુજને આપો વહાલા વંછિત દાન જો, જેહવો રે તેહવો છું તો પિણ તાહરો રે ।
વ્હાલો વહિલો રૂડો સેવક વાન જો, દોષ ન કોઈ રે ગણજો માહરો રે૦॥૪॥

જગબંધવ જાણીને તાહરે પાસજો, આવ્યો રે ઉમાહ ધરીને નેહશું રે ।
**શ્રી અખયચંદ સૂરીશ પસાયે આશ જો, સઘળી ફળી છે ખુશાલ મુનિને જેહશું રે૦॥૫॥**

૧. ક્યારે ૨. વારંવાર ૩. રાત ૪. દિવસ

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (સંભવ જિનવર વિનતિ-રાગ-પ્રભાતી)

મનમાન્યાની વાતડી, સાહિબ શી પેરે કહીજે રે ?
[1]લવ એક ઉદકબિંદુ ભળ્યો, સાયર લેહેર લહીજેરે-મ૦॥૧॥
લઘુતા ફળે રસ કટુકતા, અવર વયે તે ખટાશરે ।
વય રીતુ પાલટો જો કરે, તો તે સઘળે મીઠાશરે-મ૦॥૨॥
મગન ભયે માહરા નાથજી, શરણાં તોરે આઈ રે ।
અબ નહિ [2]કિસી વાતકી, ખામી રહે તન કાંઈરે-મ૦॥૩॥
વિજયરાજા વપ્રા ઘરે, થઈ કુમર બધાય રે ।

નામ નિરંજન નિરખતાં, પરમાનંદ પદ પાયરે-મ૦॥૪॥

નીલોત્પલ[૩] લંછન જગધણી, કર કરૂણા સ્વામી રે ।
સવિ સુખ સુપંદા **ચતુરને**, દીજે અંતરજામી-મ૦॥૫॥

૧. એક જરા જેટલું પાણીનું ટીપું દરિયામાં મળી જવાથી, દરીયાની લ્હેરનો અનુભવ લે છે (પ્રથમ ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૨. કયી ૩. નીલકમલ

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (પીછોલારી પાલિ ઉભા દોય રાજવીરે-એ દેશી)

**શ્રીનમિજિનવર** સેવ, ઘનાઘન ઉનમ્યોરે-ઘના૦ ।
દીઠા મિથ્યારોરવ, ભવિક-ચિત્તાથી ગમ્યો રે-ભવિ૦
શુચિ આચરણા રીતિ, તે અભ્ર વધે વડારે,-તે૦
આતમ-પરિણતિ શુદ્ધ, તે વીજ-ઝબુકડાં રે-વીજ૦ ॥૧॥

વાજે વાયુ સુવાયુ તે, પાવન ભાવનારે,-પાવન૦ ।
ઇંદ્રધનુષ ત્રિકયોગ તે, ભક્તિ ઇક-મના રે,-ભક્તિ૦ ।
નિર્મળ પ્રભુ-સ્તવઘોષ [૧]ઝૂણી ઘનગર્જનારે, ઝૂણી૦ ।
તૃષ્ણા ગ્રીષ્મ કાળ, તાપની તર્જનારે-તાપની૦ ॥૨॥

શુભ લેશ્યાની [૨]આલી, તે બગ પંકિત બની રે,-બગ૦ ।
શ્રેણી-સરોવર હંસ, વસે શુચિ-ગુણ મુનિ રે- વસે૦ ॥
ચઉગતિ મારગ બંધ,ભવિક જન ઘર રહ્યા રે-ભવિક૦ ।
ચેતન સમતા-સંગ, રંગમેં ઉમહ્યા રે-રંગ૦ ॥૩॥

સમ્યગ્ દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે-તિહાં૦ ।
દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવર તણું રે-પરમ૦ ।
પ્રભુ-ગુણનો ઉપદેશ, તે જલધારા વહીરે,-જલ૦ ।
ધરમ-રૂચિ ચિત્ત-ભૂમિ માંહિ નિશ્ચય રહી રે-માંહિ૦ ॥૪॥

ચાતક શ્રમણ-સમૂહ, કરે તબ પારણો રે-કરે૦ ।
અનુભવ રસ આસ્વાદ, સકળ દુઃખ-વારણો રે-સકળ૦ ।
અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતારે,-તૃણ૦ ।
વિરતિ તણો પરિણામ, તે બીજની પૂરતારે-બીજ૦ ॥૫॥

પાંચ-મહાવ્રત ધાન, તણા [૩]કરસણ વધ્યારે,-તણા૦ ।
સાધ્ય-ભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યાં રે-સાધન૦ ।
ક્ષાયિક દર્શન જ્ઞાન, ચરણ ગુણ ઉપના રે;-ચરણ૦ ।
આદિ બહુ ગુણ શસ્ય, આતમ ઘર નીપના રે.-આતમ૦ ॥૬॥

પ્રભુ દર્શન મહામેહ, તણે પ્રવેશમેં રે,-તણે૦ ।
પરમાનંદ સુભિક્ષ થયો, મુજ દેશમેં રે,-થયો૦ ।
**દેવચંદ્ર જિનચંદ્ર** તણો, અનુભવ કરોરે,-તણો૦ ।
સાદિ-અનંતો કાળ, આતમ-સુખ અનુસરો રે-આતમ૦ ॥૭॥

---

૧. ધ્વનિ ૨. શ્રેણિ ૩. ખેતી

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (નાણ નમો પદ સાતમે)

નમિ-જિનના નિત્ય નામથી, સદા ઘર સફળ[1]વિહાણ-મેરેલાલ।
અણજાણી આવી મીલે, મનવાંછિત લીલ મંડાણ-મેરે૦ નમિ૦॥૧॥
[2]તૃષ્ણા તુજ મળવા તણી, દિનમાં હોય દશ વાર-મેરે૦।
મન દેઈ મળો જો પ્રભુ, તો સફળ ગણું સંસાર-મેરે૦ નમિ૦॥૨॥
અંતરગત આલોચતાં, [3]સુર તુજ સમ અવર ન હોય-મેરે૦।
જેહના જે મનમાં વસ્યો, તેહને પ્રભુ તેહિ જ હોય-મેરે૦ નમિ૦॥૩॥
[4]પોયણી પાણીમાં વહે, નભોપરિ ચંદ્ર નિવાસ-મેરે૦।
એકમના રહે અહોનિશે, જાણો મુજ તિમ જિન પાસ-મેરે૦ નમિ૦॥૪॥
હેમવરણ હરખે ઘણે, ભવિયણ મન મોહનગાર-મેરે૦।
કહે જીવણ કવિ જીવનો, દુષ્કૃત દુઃખ દૂર નિવાર-મેરે૦ નમિ૦॥૫॥

૧. પ્રભાત=દિવસ ૨. ઉત્કટ ઈચ્છા ૩. દેવ ૪. ચંદ્રવિકાશીકમળ

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (શ્રી સિદ્ધપદ આરાધીએ)

**શ્રી નમિ-જિનવર** [1]પ્રાહુણા રે, આવો મુજ મન-ગેહ રે-ગુણરાગી।
જો [2]દેખો તિહાં [3]યોગ્યતા રે, તોર હેજો ધરી નેહ રે-ગુણ૦ ॥૧॥
ધર્મધ્યાન-જલ છાંટીને રે, મન-ઘર કીધ અમૂલ રે-ગુણ૦।
તિહાં વિધવિધનાં પાથર્યા રે, સુકૃત-મનોરથ ફૂલ રે-ગુણ૦ ॥૨॥
તિહાં સમતા-શય્યા ભલી રે, ખિમા-તળાઈ વિશાલ રે-ગુણ૦
ધૂપ સરસ તિહાં મહમહે રે, પ્રભુ-ગુણ-ગાન રસાલ રે-ગુણ૦ ॥૩॥

બાંધ્યો તિહાં[૪]થિર-બંધને રે, હરખ-ચંદુઓ હેજ રે-ગુણ૦ ।
સદા [૫]અ-કંપ સોહામણો રે, દીપક જ્ઞાન સ-તેજ રે-ગુણ૦ ॥૪॥
એક ક્ષણ પણ આવીને રે, જો પ્રભુ ! લ્યો વિસરામ રે-ગુણ૦ ।
તો એ મહેનત માહરી રે, સઘળી હોય [૬]સ-કામ રે-ગુણ૦ ॥૫॥
પણ પ્રભુ-વશ છે આવવું રે, મુજ-વશ છે અરદાસ રે-ગુણ૦ ।
હાથી તો હાથે ગ્રહ્યા રે, કિમ આવે આવાસ રે ?-ગુણ૦ ॥૬॥
સેવક જાણી સાહિબે રે, સહી રાખ્યું સનમાન રે-ગુણ૦ ।
**દાનવિજય** દિલ આવિયા રે, અધિક વધાર્યો વાન રે-ગુણ૦ ॥૭॥

૧. મહેમાન ૨. લાગે ૩. ઠીક ૪. મજબુત ૫. સ્થિર ૬. સફળ

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (અબ ભવિકજન જિન પૂજ લે-એ દેશી)

**નમિનાથ** આથ અનંત તાહરે, નાણ-દંસણ ચરણની !
ભગવંત ! ભક્તની વાત મનમેં, ભાવો ભવ-જળ-તરણની-નમિ૦॥૧॥
ગુણવંત સંત જયંત જગમેં, પૂજ પામે દેવતા ।
મેં સર્વ પાયા તેહ તુમથી, પાદ-પંકજ સેવતા-નમિ૦॥૨॥
છહ ઋતુ આપે ફૂલ નવ-નવા, ભવિક નવ-નવ ભાવના ।
નવ-નવા ઉપજે દ્રવ્ય-દેશે, કરણ પ્રભુની સેવના-નમિ૦॥૩॥
વિદ્યા-વિવેક-[૨]વિબોધ વૈભવ, [૩]ચતુર-[૪]ચામીકર-મણિ ।
જિનરાજ-પૂજા-કાજ વિધિના, કર્યા જય જય જગ-ધણી-નમિ૦॥૪॥
નવ-નવે ભાંતે ખ્યાતિ પામે, લોક તે ગુણ સેવતા !
જગ ઉપર ગરજે દુઃખ વરજે, **મેઘ** સેવક દેવતા-નમિ૦॥૫॥

૧. સંપતિ ૨. જ્ઞાન ૩. સારા ૪. સોનું

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (પંડતીયા હો ! તું જોયને જોશ કે અમ ગુરૂ કઈએ આવશેજી-એ દેશી)

જગ-નાયક ! હો ! સુણ **નમિ-જિનરાય** કે, તુજ દરિસણ મુજ વાલહું જી ।
જિમ વાલ્હો હો ! મોરા મન મેહ કે, હંસા-સરોવર વાલહું જી ॥૧॥
તુજ મુખડું હો ! નિરખી શશી જેમ કે, હિયડું કુમુદ જ્યું ઉલ્લસેજી ।
મુજ મીઠડું હો ! લાગે તુજ વયણ કે, સરસ અમીરસ જિહાં વસેજી ॥૨॥
અતિ-સુંદર હો ! નિરખી તુજ નયણ કે, પંકજ જળમાં તપ કરેજી ।
વલી ખંજન હો ! ગયા ગગન મોઝાર કે, હાર્યા મૃગ વન-વન ફરેજી ॥૩॥

એણે નયણે હો ! પ્રભુ તું મુજ જોય કે, હેજ હિયામાં દાખવોજી ।
દેઈ દર્શન હો ! ભવ-જલ નિધિ તાર કે, સુ-પ્રસન્ન મુજ સાહિબ હુવોજી ॥૪॥

તુજ ચરણે હો ! નમતાં નિત્યમેવ કે, મનહ મનોરથ સવિ ફલેજી ।
સમરંતા હો ! તુજ નામ-સુમંત્ર કે, સંકટ સવિ દૂરે ટળેજી॥૫॥
સુખ-દાયક હો ! સુણ **નમિ-જિનરાય** ! કે, મહેર કરે જો મો ભણીજી ।
ભલી ભગતે હો ! કહે **કેશર** એમ કે, આશા પૂરો પ્રભુ ! મુજ ઘણીજી ॥૬॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (સાસૂ પૂછઈ હે વહૂ – એ દેશી)

**નમિ**-જિન-રુપ અજબ બન્યો, અતિ સુંદર મુખ-છબિ બરણી ન જાય
- મનડું મોહ્યું પ્રભુ માહરૂં ।
ત્રિભુવન જોતા એહવું, નહીં દીસઈ જે, દીઠઈ નયણ ઠરાય-મનડું રે૦ ॥૧॥

જોતિ જગતમાં વિસ્તરી, જોતિ અવર તે રેહી, સહુ એહમાં સમાય-મન૦ ।
ચંદ્ર-સૂરજ ગહ જે દીપઈં, તે પણિ લહી જસ અધિક પસાય-મનડું રે૦ ॥૨॥

સર્વારથ-વાસી થકી, જે અહનિશિ સોહઈ, ભેદઈં અનંત-મન૦ ।
જે દીઠે લોચન ઠરઈ, વલી હેજઈ અધિકઈ હિય-ઉલસંત-મનડું૦॥૩॥

જોતાં તૃપ્તિ ન પામીઈં, આણંદ અતિ ઘણ પરગટ હોય-મન૦ ।
નિત વૃત્તિ મુજ ઘટમાં વસો, નિરમલ રુપી સાહિબ સોય-મનડું રે૦॥૪॥

મન-વચ-કાયા થિર કરી, ધરતાં અ-વિહડ જે જિન-ધ્યાન-મન૦ ।
**કનકવિજય** સુખ સંપદા પામીઈ, પરમ પ્રમોદ નિદાન-મનડું રે૦॥૫॥

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

**(રાગ મલ્હાર-મેઢયા ઉપરમેહ ઝબુકે વીજલી હો લાલ - એ દેશી)**

**નમિ**-જિનચંદનરિંદ સુરિંદ નમૈ સદા હો લાલ-સુરિંદ૦,
વિજયરાય-સુત નામે કિં પામૈ સંપદા-હો લાલ-કિં પામૈ૦।
તું ત્રિભુવન-જન જન દેવા કિ સેવ સુધારીએ-હો લાલ-કિ સેવ૦।
મહેર કરી મહારાજ, ભવોદધિ તારીએ-હો લાલ-ભવો૦॥૧॥
જે મોહ્યા નર નારી, [1]મોહ-મદ ધારમાં-હો લાલ-કિ મોહ૦,
તે તાર્યા તેં નેહ ધરી એક તારમાં-હો લાલ-ધરી૦।
જો નવિ પૂરો આશ આપણી વારમાં-હો લાલ-આપણી૦,
તો ફોકટ અભિમાન વહો છો ભારમાં-હો લાલ-વહો૦॥૨॥
હરિ-હર બ્રહ્મા દેવ સહુ જગ કારમા-હો લાલ-સહુ૦,
ઓર ન સેવુ દેવ કિ આ અવતારમાં-હો લાલ-કિં આ૦,

જયોં [2]કતવારી-ચિત્ત વસે છે તારમાં હો લાલ-વસે છે૦,
ત્યોં ચાહે મુઝ ચિત્ત પ્રભુ મનોહારમાં હો લાલ-પ્ર૦।।૩।।

દીજયે દરિસણ દેવ ! દયા કરી [3]મો પરે-હો લાલ-દયા૦,
ચિત્ત રહ્યો લલચાય પ્રભુજી ! [4]તો પરે હો લાલ-પ્રભુ૦।
પૂરો સેવક આશ નિરાશ ન મૂકીએ-હો લાલ-નિરાશ૦,
રાજ ! નિવાજો આજ કિં વાચ ન ચૂકીએ-હો લાલ-વાચ૦।।૪।।

સુરતરૂ ચિત્રાવેલિ ચિંતામણિ તું જયો-હો લાલ-ચિંતા૦,
ગાતાં શ્રી જિનરાજ ! જનમ સફળો થયો-હો લાલ-જનમ૦।
**રૂચિર** પ્રભુ અવધાર આધાર તું માહરો-હો લાલ-આધાર૦,
તું સાહિબ-સિરદાર હું સેવક તાહરો-હો લાલ-સેવક૦।।૫।।

---

૧.મોહ-મદના પ્રવાહમાં, ૨. કાંતનાર-રેંટિયાવાળી બાઈનું મન તાર =રૂની જાતમાં હોય ૩. મારા પર ૪. તારા પર ૫. વચન

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (ઢાલ બાગ તું જાજ્યે રે ભમરા -એ દેશી)

**વપ્રા**-નંદન હો ! જિનજી !, સુર-નર વંદન-હો જિનજી ।
કાયા [1]કુંદન હો ! જિનજી !, રચિત ચંદન હો જિનજી ।।૧।।

ભવ-ભય-વારક હો ! જિનજી !, શિવ-સુખકારક-હો જિનજી !
તું મુઝ તારક હો ! જિનજી !, ગુણ-મણિ-ધારક-હો જિનજી ।।૨।।

પ્રાણ-આધાર હો ! જિનજી !, પ્રભુજી પ્યારા-હો જિનજી ! ।
નાણ-આગારા હો ! [2]જિનજી !, મોહનગારા-હો જિનજી ।।૩।।

તપ-મણિ[૩] આગર હો ! જિનજી !, તું સુખ સાગર-હો જિનજી !।
તેજે [૪]દિવાકર હો જિનજી, ભવિ-જન ઠાકુર-હો જિનજી ।।૪।।

વિજય-રાયા-જાયા હો જિનજી, નમિ-જિન મન ભાયા-હો જિનજી !।
સુખ-સંપત્તિ દાયા-જિનજી !, **રૂચિરવિમલ** ગાયા-જિનજી ।।૫।।

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (નીંદલડી વયરણ હોઈ રહી-એ દેશી)

**નમિ**-જિનવર એકવીસમો, મન મોહન હો ! દર્શન સુખદાય કિ।
ચિત્ત પ્રભુને ચરણે રહ્યું, [૧]પ્રાણી-વાલહો અળગું નવિ થાય કિ-નમિ૦।।૧।।

કાન તો કાનસૂરાં કરઈ, નયણે જઈ હો ! કર્યો પહેલાં નેહ કિ।
નિરવહિવું મનને પડયું, અણ દીઠાં હો ! અવટાય જેહ કિ-નમિ૦।।૨।।

ગુણ-રત્નાકર સાહિબા, હીયડાથી હો ! ઊતાર્યો ન જાય કિ।
સંગમ શીતલ જેહનો, સેવ કરતાં હો ! દુઃખ-તાપ [૨]ઉલ્હાય કિ-નમિ૦।।૩।।

પ્રભુ બાંહિ વલગી રહું, કિમ મુકું ! હો ! મીઠી જે દ્રાખ કિ।
અ-ચિંત-ચિંતામણિ-સંગથી, મુઝ [૩]પુહચઇ હો ! પૂરો અભિલાષ કિ-નમિ૦।।૪।।

સુખ આપે પ્રભુ શાશ્વતાં, જો ધરીએ હો ! એહનું શુભ ધ્યાન કિ।
**ભાવપ્રભસૂરિ** કહે, એ જાણો હો ! શિવ-પુરનું નિદાન કિ-નમિ૦।।૫।।

---

૧. જીવોને પ્રિય ૨. ઓળવાય ૩. પહોંચે

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(સોના રૂપાકે સોગઠે સાંયાં ખેલત બાજી-એ દેશી)

નિરૂપમ **નમિ**-જિનેસરૂ, અક્ષય-સુખ-દાતા ।
અતિશય-ગુણ અધિકથી, સ્વામી જગત-વિખ્યાતા ॥૧॥
બાર ગુણો અરિહંતથી, ઉંચો વૃક્ષ અ-શોક ।
ભવ-દવ-પીડિત જંતુને, જોતાં જાય શોક ॥૨॥
પીત વરણ-સિંહાસને, પ્રભુ બેઠા છાજે ।
દિવ્ય-ધ્વનિ દીયે દેશના, નાદે અંબર ગાજે ॥૩॥
છત્ર ધરે ત્રણ સુરવરા, ચામર વીંજાય ।.
ભામંડલ અતિ દીપતું, પૂંઠે જિનરાય ॥૪॥
યોજન-માને સુર કરે, વૃષ્ટિ કુસુમ-કેરી ।
ગગને ગાજે દુંદુભિ, કરે પ્રદક્ષિણા ફેરી ॥૫॥
અષ્ટ મહા-પાડિહારથી, દીપે શ્રી જગદીશ ।
અષ્ટ-કરમ હેલા હણી, પામ્યા સિદ્ધિ જગીશ ॥૬॥
નામે નવ-નિધિ સંપજે સેવતાં દુઃખ જાય ।
ઉત્તામવિજય-વિબુધનો, **રત્નવિજય** ગુણ ગાય ॥૭॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

(ઢાલ-કુણઇ વાવી ખોદાવી હો રાણી કવણ પાણીડાં સંચરી-એ દેશી)

**નમિ** જિન નયણ નિહાલિ હો ! પ્રભુજી ! ચાહ ધરી કરિ ચાકરી એ.
ત્રિકરણ-શુદ્ધિ ત્રિકાલ હો ! પ્રભુજી ! ચાહ ધરી કરિ ચાકરી એ ॥૧॥

પ્રણમીજે નિશદીસ હો ! પ્રભુજી, આણ અખંડિત ધારીએ ।
કીજે તસ બગસીસ હો પ્રભુજી !, ભીમ ભવોદધિ તારીએ ।।૨।।
પામી તુમ દીદાર હો ! પ્રભુજી અવર ન સેવા ચાહિએ ।
કલ્પતરૂ લહી સાર હો પ્રભુજી !, બાઉલ બાથિ ન ચાહિએ ।।૩।।
ટેક ધરી રહિ જેહ હો ! પ્રભુજી !, સાચા સાહિબ શું સદાએ ।
પામી તે ગુણ-ગેહ હો, પ્રભુજી ! સકલ-સમીહિત-સંપદા એ ।।૪।।
**વિજય**-નરેશર-જાત હો પ્રભુજી ! વિજયવંત સુહંકરુ એ ।
**વપ્રા** રાણી માત હો ! પ્રભુજી !, **માણેકમુનિ** મંગલ-કરૂએ ।।૫।।

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (આજ મયા અલવેલા-એ દેશી)

**શ્રી નમિરાજ** રાજેસરુ રે-માણીગર અલબેલ । પ્રભુ ચિદાનંદ-ઘન રૂપ રે-માણી૦ ।
શિવ-આકર્ષણ કારણે રે-માણી૦ ધર્યું ચરમ શરીર અનૂપ રે-માણી૦।।૧।।
કરે ચરણાં તુઝ સેવના રે-માણી૦ પ્રભુ આપે મુગતિનું દાન રે-માણી૦ ।
**સુરતરૂ** કામિત પૂરવા રે-માણી૦ તું હી નીચો પ્રગટ નિધાન રે-માણી૦।।૨।।
અ-દીણશત્રુ શૂર-શેહરો રે-માણી૦ અનુભવીને દશમેં સ્વર્ગ રે-માણી૦
ચવી આયો નરલોકમાં રે-માણી૦ પ્રભુ સાધવાનેં અ-પવર્ગ રે-માણી૦।।૩।।
જનમ લીયો મિથિલા પુરી રે-માણી૦ પ્રભુ અશ્વ જોનિ વડવીર રે-માણી૦
અશ્વિની મેષ રાશિ ભલી રે૦માણી૦ વર દેવ ગણ ગુણ-ગંભીર રે-માણી૦।।૪।।
નવ માસંતર કેવલી રે-માણી૦ થયા બકુલ તલે નિરધાર રે-માણી૦
વાસ કર્યો શિવ શહેરમાં રે-માણી૦ મુનિ **દીપે** સાથે હજાર રે-માણી૦।।૫।।

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

### (ઢાલ-નણદલની)

મિહિલા નયરી (૧) નમિ જાયઉ વપ્પા (૨)
વિજય (૩) માય તાત-હો ! જિણવર
અજરાશઈ (૪) પ્રાણત ચવી (૫),
નીલુપ્પલ અંક જાત (૬)-હો ! જિનવર ! મિહિલા૦ ॥૧॥
કનક વરણ (૭) પનરહ ધણું (૮),
દસ સહસા [1]સમ આય (૯) હો ! જિણવર
છગ લખ વાસંતર કહ્યું,
સુવ્વય નમિ જિણરાય (૧૦) હો ! જિણવર ! મિ૦ ॥૨॥
અસ્સિણિ રિખ્ખહ (૧૧) છઠ તપઇં (૧૨),
ગણહર સતરહ સાર (૧૩)-હો ! જિણવર ! ।
ચરણ (૧૪) નાણ મિહિલા હુઅઉ (૧૫)
સહસ વીસ દીખધાર (૧૬)-હો ! જિણવર ! મિહિલા૦ ॥૩॥
બકુલ ચેઇખ (૧૭) દિત્ત પારણઉ (૧૮)
સાહુણી સહસ ઇગતાલ (૧૯)-હો ! જિણવર ! ।
લખ્ખિગ સાવય સત્તારી સહસ (૨૦),
ભિઉડિ રખપાલ (૨૧)-હો ! જિણવર ! મિહિલા૦ ॥૪॥
સાવિઅ સહસડતાલીયા,
ઉપરિ લખ્ખા તીનિ (૨૨)-હો ! જિણવર ! ।
દેવીગંધારી જિન તણી (૨૩)
સંમેતઇં શિવ લીન (૨૪)-હો ! જિનવર ! મિહિલા૦ ॥૫॥

---

૧. વર્ષ

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

(સોલમા શ્રી જિનરાજ ઓળગ સુણો અમ તણી-લલના એ દેશી)

મદ વારી નમિનાથ-જિનેશ્વર વંદિએ-લલના,
ભવ અનેકના સંચિત પાપ નિકંદીએ-લલના
જિત્યાંને શરણે જીતિ લહીજે એ ન્યાય છે-લલના,
રિપુ જીત્યાનો એ પણ એક ઉપાય છે-લલના..॥૧॥
દ્રવ્ય શત્રુ જિણે ગર્ભ થકી સહેજે દમ્યા-લલના,
માન મુકીને તે સઘલા આવી નમ્યા-લલના
નામ નમિ ઈમ સાર્થક મનમાં ધ્યાઈએ-લલના,
તો મન વંછિત ઈહ-પરભવ સુખ પાઈએ-લલના..॥૨॥
જીવ-કરમનો વૈર અનાદિ-નિબદ્ધ છે-લલના,
કિહાં એ જીવ કિહાં કર્મ સમર્થ સંનદ્ધ છે-લલના
ગો-સ્તનથી પયખાણથી કનકોપલ પરે-લલના,
મિલ્યા આવ્યા પણ તાસ વિભાવ અગનિ હરે-લલના..॥૩॥
તિમ પ્રભુ સમકિત-લાભથી પંડિત વીર્યને-લલના,
ધારી વારી પ્રમાદ ધરી મન ધીર્યને-લલના
જીતી ભાવ વિપક્ષ સુપક્ષ વિચારીને-લલના,
સર્વ ઘાતી-દેશ ઘાતી અઘાતી નિવારીને-લલના..॥૪॥
લાધો કેવલ-યુગલ નિધાન સુ-ભક્તિનો લલના,
જિનપદ ભોગ સંયોગ મિલા એ વિમુક્તિનો-લલના
ઈમ બહિરં-તર શત્રુ નમાવી નમિ-જિને-લલના,
ભદ્ર દર્શન કેઈ દેશ-સર્વ વિરતિ લે-લલના..॥૫॥

જિમ તુમે જીત્યા રે તેમ જીતાવો માહરા-લલના,
કહે **સ્વરૂપ** હવે ચરણ શરણ છે તાહરા-લલના ॥૬॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

### (સુમતિનાથ ગુણશું મિલીજી-એ દેશી)

એકવીશમા જિન આગલેજી, અરજ કરૂં કર જોડ ।
આઠ અરિએ મુજ બાંધીયોજી, તે ભવ-બંધન-તોડ-
-પ્રભુ ! પ્રેમ ધરીને અવધારો અરદાસ ॥૧॥
એ અરિથી અલગા રહ્યાજી, અવર ન દીસે દેવ ।
તો કિમ તેહને જાચીયેજી ?, કિમ કરૂં તેહની સેવ ?-પ્રભુ૦॥૨॥
હાસ્ય-વિલાસ વિનોદમાંજી, લીન રહે સુર જેહ ।
[1]આપે અરિ-ગણ વશ પડયાજી, અવર ઉગારે કિમ તેહ ?-પ્રભુ૦॥૩॥
[2]છત હોય તિહાં જાચીયેજી, અ-છતે કિમ સરે કાજ ? ।
યોગ્યતા વિણ જાચતાંજી, પોતે ગુમાવે લાજ-પ્રભુ૦॥૪॥
નિશ્ચય છે મન માહરેજી, તુમથી પામીશ પાર ।
પણ ભુખ્યો ભોજન-[3]સમેજી, [4]ભાણે ન ટકે લગાર-પ્રભુ૦॥૫॥
તે માટે કહું તુમ ભણીજી, વેગે કીજે સાર ।
આખર તુમહીજ આપશોજી, તો શી કરો હવે વાર ?-પ્રભુ૦॥૬॥
*મોટાના મનમાં નહીજી, [5]અર્થી ઉતાવળો થાય ।*
**શ્રી ખિમાવિજય**-ગુરૂ નામથીજી, જગ **જશ** વાંછિત થાય-પ્રભુ૦॥૭॥

૧.પોતે ૨. ચીજની છૂટ ૩. સમયે ૪. જમવા બેઠા પછી ૫. ગરજવાળો

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરી મ.

(આજ સખી સંખેસરો-એ દેશી)

નમિએ શ્રી **નમિનાથને** જે શિવ-સુખદાતા,
નેહ ધરીને અહનિશે જે ભવભયત્રાતા
વિજય-ભૂપનો બેટડો વપ્રાનો જાયો,
નીલ-કમલદલ-લંછનો; સુરનરપતિ ગાયો...॥૧॥

મન મોહ્યું છે માહરૂં તુઝ મૂરતિ-દેખી,
સુંદરી એવી કો નહિ તુજ સૂરતિ-સરખી ।
ઉપશમ-રસનો કુંડ છે નિરૂપમ તુઝ નયણાં,
જગ-જનને હિતકારિયા જેહનાં છે વયણાં...॥૨॥

વદન-પ્રસન્નતા અતિઘણી નિર્મળતા રાજે,
નિત્ય-વિરોધી જીવનાં વયરાદિક ભાજે ।
શસ્ત્રાદિક જેહને નહિ, નહિ કામવિકાર,
વાહન-પ્રમુખ ન જેહને, નહિ દોષ અઢાર...॥૩॥
પદ્માસન બેઠા થકાં ભવિયણ પડિબોહે,
અનુપમ ગુણ કાંઈ એહવો સવિ જગજન મોહે ।
વીતરાગ-ભાવે મિલ્યા રૂધિરાદિક અંગે,
દૂધ-ધારપરે ઉજલા નિર્મોહ પ્રસંગે...॥૪॥
સુરભિ-ગંધ સવિ અંગના અવયવ મલ જેના,
કમળતણા પરિમલપરે શ્વાસાદિક તેહનાં ।
લોકોત્તર-ગુણથી લહ્યો લોકોત્તર દેવ,
**જ્ઞાનવિમલ**-ગુણનો ધણી જે તુમને સેવે...॥૫॥

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-નટ્ટ)

હો નમિજિન ! મેં નિજ રૂપ ન જાન્યો ।
[1]અ-વિકલ્પી [2]અ-જ [3]અ-જર [4]અ-જલ્પી,
અ-ચલ અ-મલ મન માન્યો-હો નમિ૦॥૧॥
પરકો રૂપ સરૂપ નિહારત, મનમેં અતિ હરખાયો ।
પુદગલસોં સબ દેખી પસારો, તાહીમેં ભરમાયો-હો નમિ૦॥૨॥
નરભવ પાય [5]અકારથ ખોયો, બોયો બીજ અ-જાન્યો ।
જ્ઞાનદૃષ્ટિ ધરી રૂપ ન જોયો, સોયો નિંદ અ-યાન્યો-હો નમિ૦॥૩॥
કાલ અનાદિ અવિદ્યા-સંગતિ, નિજ-પરભાવ ન ઠાન્યો ।
**ગુણવિલાસ** પર અબ કૃપા કરી, જ્યૌં સુધ પરત પિછાન્યો-હો નમિ૦॥૪॥

૧. વિકલ્પ રહિત ૨. જન્મ-મરણ વગરનો ૩. જેને ઘડપણ આવે નહિ એવો ૪. કલ્પના-બોલવાના ચાળા રહિત ૫. નકામો

## કર્તા : શ્રી જગજીવનજી મ.

(ઢાલ-મધુકરની)

નમિશ્વર જિનવર ગાસ્યું, આતમ રમણ પૂરણ પાસ્યું,
વરદ ગુણે મુઝ મન વાસ્યું રે-નમિ૦॥૧॥
વપ્રાદેવી સુત મુઝ વાલ્હો, સાહિબ પંચ સુમતિ વાલો,
ભવ-ભવ-ભ્રમણ થકી ટાલો રે-નમિ૦॥૨॥
અષ્ટ-કરમ-દલ જિન કૂઝો, પ્રભુસમ દેવ નહીં દુજો,
બુધ બોહિઅપ્પા ધરમ બુઝો રે-નમિ૦॥૩॥
જિનવર મુઝ અંતરજામી, મનમોહન વર ગુણ ધામી,

શિવસુખદાયક શિવ ગામી રે-નમિ૦॥૪॥
અંતર અંશે ગુણ થાયેં, લોકાકાશેં નવિ માયેં,
તો સુરગુરૂ ગિરથી કિમ ગાયેં રે-નમિ૦॥૫॥
વાલેસર વંછિત કીજે, દુઃખ-અઘ-દાટ શિવ દીજે,
પ્રભુગુણ-શ્રવણ પરમ પીજે રે-નમિ૦॥૬॥
દીવબદર સંઘ સુખદાતા, ધરમી ધની આગમ-જ્ઞાતા;
દાની દીન પ્રતે ત્રાતારે-નમિ૦॥૭॥
સંવત અઢાર પચવીસ વાસે, જિન ગુણ સ્તવ્યા આશ્વિન માસે,
ગણી **જગજીવન** ઉલ્લાસે રે-નમિ૦॥૮॥

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ-કલ્યાણ)

નમિ-જિનવર નમીયે ચિત્ત લાઈ ।
જાકે નામે નવ-નિધિ લહીયે, વિપતિ રહે નહિ બહિ-ઘરમેં કાંઈ-નમિ૦॥૧॥
દરીસણ દેખતહી દુઃખ છીજે, પાતિક-કુલટાઈ જયું તજી જાઈ ।
સુખ-સંપત્તિકો કારણ પ્રભુજી ! તાકો સમરણ કરહુ સદાઈ-નમિ૦॥૨॥
કહા બહુ તેરે જગ સુર સેવે, જિણતેં કારજકી સિદ્ધિ ન પાઈ ।
કહે **જિનહર્ષ** એક પ્રભુ ભજીયે, બોધિ-બીજ શિવ-સુખ દાઈ-નમિ૦॥૩॥

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

પરમ રૂપ નિરંજન, જન મન રંજણો-લલના,
ભક્ત-વચ્છલ ભગવંત, તું, ભવભવ ભંજણો-લલના
જગત-જંતુ-હિતકારક, તારક જગધણી-લલના,

તુજ પદ પંકજ-સેવ, હેવ મુજને ઘણી-લલના૦ ॥૧॥
આવ્યો રાજ ! હજુર, પૂરણ ભગતિ ભર્યો-લલના,
આપો સેવના આપ, પાપ જિમ સવિ ટળે-લલના
તુજ સરીખા મહારાજ ! મહેર જો નહિ કરે-લલના,
તો અમ સરીખા જીવનાં, કારજ કીમ સરે ?-લલના૦ ॥૨॥
જગતારક જિનરાજ ! બિરૂદ છે તુમ તણો લલના-
આપો સમકિતદાન પરાયા મત ગણો-લલના
સમરથ જાણી દેવ, સેવના મેં કરી-લલના,
તુંહીજ છે સમરથ, તરણ-તારણ-તરી-લલના૦ ॥૩॥

મૃગશિર-સિત-એકાદશી, ધ્યાન શુકલ ધરી-લલના,
ઘાતી-કરમ કરી અંત કે, કેવલ-શ્રી વરી-લલના
જગનિસ્તારણ-કારણ, તીરથ થાપીયો-લલના,
આતમ સત્તા ધર્મ ભક્તોને આપીયો-લલના૦ ॥૪॥

અમ વેળા કિમ આજ, વિલંબ કરી રહ્યા ?-લલના,
જાણો છો મહારાજ ! સેવક ચરણ ગ્રહ્યાં-લલના
મન માન્યા વિના માહરૂં નવિ છોડું કદા-લલના,
સાચો સેવક તેહ જે સેવ કરે સદા-લલના૦ ॥૫॥

વપ્રા માત-સુજાત, કહાવો શ્યું ઘણું ?-લલના,
આપો ચિદાનંદ દાન, જનમ સફલો ગણું લલના
જિન-ઉત્તમ પદ **પદ્મવિજય** પદ દીજીયે-લલના,
**રૂપવિજય** કહે સાહિબ ! મુજરો લીજીએ-લલના૦ ॥૬॥


# શ્રી નમિનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

શ્રી નમિનાથ સુહામણાએ, તીર્થપતિ સુલતાન તો;
વિશ્વંભર અરિહા પ્રભુએ, વીતરાગ ભગવાન તો;
રત્નત્રાયી જસ ઉજલીએ, ભાષે ષટ દ્રવ્ય જ્ઞાન તો;
ભૃકુટી સુર ગંધારિકો, વીર હૃદય બહુ માન તો..॥૧॥

## પદ્મવિજયજી કૃતિ થોય

નમીએ નમિ નેહ, પુન્ય થાયે જયું દેહ;
અઘ સમુદય જેહ, તે રહે નાંહિ રેહ;
લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ;
લહે શિવપુર ગેહ કર્મનો આણી છેહ॥૧॥



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

**ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય**
**શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

# શ્રી નમીનાથ ભગવાન

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : વીજય રાજા | માતાનું નામ | : વીપ્રા રાણી |
| જન્મ સ્થળ | : મિથીલા | જન્મ નક્ષત્ર | : અશ્વિની |
| જન્મ રાશી | : મેષ | આયુનું પ્રમાણ | : ૧૦,૦૦૦ વર્ષ |
| શરીરનું માપ | : ૧૫ ધનુષ | શરીરનું વર્ણ | : પીળો |
| પાણી ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : નવ માસ | દીક્ષા વૃક્ષ | : બકુલ વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૧૭ | [illegible] | ...ીલા |
| સાધુઓની સંખ્યા | : ૨૦,૦... | [illegible] | ...૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૧,૭૦,... | [illegible] | ...,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : ભ્રકુટી | [illegible] | ...ી |
| પ્રથમ ગણધરનું નામ | : શુભ ગણધ... | ...નું નામ | : અનિલા |
| મોક્ષ આસન | : કાઉસગ્ગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ કર્યા |
| ચ્યવન કલ્યાણક | : આસો સુદિ ૧૫ | જન્મ કલ્યાણક | : શ્રાવણ વદિ ૮ |
| દીક્ષા કલ્યાણક | : અષાઢ વદિ ૯ | કેવલજ્ઞાન કલ્યાણક | : માગશર સુદિ ૧૧ |
| મોક્ષ કલ્યાણક | : વૈશાખ વદિ ૧૦ | મોક્ષ સ્થાન | : સમેતશીખર |


| | |
|---|---|
| : મિથીલા | જન્મ નક્ષત્ર |
| : મેષ | આયુનું પ્રમાણ |
| : ૧૫ ધનુષ | શરીરનું વર્ણ |
| : વિવાહીત | કેટલા સાથે દી |
| : નવ માસ | દીક્ષા વૃક્ષ |


મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩